સપ્ટેમ્બર-૨૦૨૪
વર્ષ : ૧૭
અંક : ૦૩
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength

(માસિક)




શ્રી રામ મંદિર, અયોધ્યા



શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, વારાણસી

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

### અર્ધવાર્ષિક બેઠક (વારાણસી-ઉ.પ્ર.)

તારીખ : ૦૭ અને ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૪, શનિવાર, રવિવાર



If undelivered please return to :
Setu Samaj Sandesh
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511
RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.



ગંગા ઘાટ, વારાણસી







Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Late Karmsinh Madhavji Tank
(Sinogra)

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva. Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar; Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી

**આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.**



દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૭ અંક : ૦૩ સપ્ટેમ્બર-૨૦૨૪

માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)


## તંત્રી સ્થાનેથી...

પવિત્ર શ્રાવણ માસ એટલે ઉત્સવોનો મહિનો. આનંદ... આનંદ... આનંદ... સમગ્ર સમાજબાંધવોને પવિત્ર તહેવારોની ખૂબ ખૂબ શુભકામના... અભિનંદન... ભારતની ઉત્સવ પરંપરાનો હેતુ માત્ર મોજમજા, દર્શન-કિર્તન, હરવા-ફરવા માત્રનો તો નથી પરંતુ તેમાં સંસ્કૃતિ, ધર્મ પ્રત્યેની આપણી દિશા તરફ આગળ વધવા માટેનું જાગરણ અને રાષ્ટ્રીય પર્વ હોય તો રાષ્ટ્ર ઉત્કર્ષ માટેનું જાગરણ, પ્રેરણા, ધર્મ, સંકલ્પ લઇ આવતા વર્ષ માટે પ્રતિબદ્ધતા વધારવી અને નવી ઉર્જા સાથે સમગ્ર સમાજબાંધવો પોતાના જીવનને સફળ તેમજ સાર્થકતા પ્રાપ્ત કરે એવી પ્રભુ પાસે પ્રાર્થના...

ગત 'સેતુ સમાજ સંદેશ'ના તંત્રી લેખમાં 'સેતુ સમાજ સંદેશ'ને જોડવાની ભૂમિકાની વાત અને 'સેતુ સમાજ સંદેશ'ના આવક-જાવકના હિસાબો પણ ગત અંકમાં રજુ કરેલ છે. આપ સૌને હિસાબને જોતાં ધ્યાનમાં આવ્યું જ હશે કે 'સેતુ સમાજ સંદેશ' વર્ષોથી ખર્ચ કરતાં આવક વધુ થતી અને મોટી બચત પણ કરી છે પરંતુ ગયા વર્ષથી 'સેતુ સમાજ સંદેશ'માં આવ કરતા ખર્ચ વધુ થયો છે. તેના કેટલાક કારણો છે. 'સેતુ સમાજ સંદેશ' આજીવન લવાજમ જે પહેલા ૪૫૦૦ સદસ્ય હતા તે હવે સમાજના ૫૦ વર્ષ નિમિત્તે લવાજમ સદસ્ય વૃદ્ધિ કરવા માટે આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/- હતું તેને રૂા. ૫૦૦/- નું સદસ્યોને આપવાની જાહેરાત કરી અને માત્ર રૂા. ૧૦૦૦/-માં આજીવન સદસ્ય દર રાખી સમાજને દરેક પરિવારમાં આવૃતિ પહોંચે તેવી અપીલ અને જાગૃત અભિયાન ચલાવતા ૧૫૦૦ નવા સદસ્યતાની નોંધણી થઇને કોપીની કુલ સંખ્યા ૬૦૦૦ થઇ. આ ૧૫૦૦ કોપી પાછળનો ખર્ચ વધી ગયો. બીજું પ્રિન્ટીંગ માટે પેપર અને પ્રિન્ટીંગ ખર્ચ પણ વધ્યો જેથી ગયા વર્ષે ખોટ થતાં ચાલુ વર્ષે આપણે જાહેરાતના ભાવમાં દશ વર્ષ બાદ સુધારો કરી વૃદ્ધિ કરી છતાં પણ હજુ ખોટ છે તો આપ સૌને નમ્ર અપિલ છે કે આપણા સમાજના આ મુખપત્રની આર્થિક આવક અને ખર્ચને બેલેન્સ કરવા માટે ખર્ચ ઘટાડવા અને આવક વધારવાના પ્રયત્નો અમે કરી રહ્યા છીએ. જેમાં આપ સૌનો સહયોગ અપેક્ષિત છે. ખોટની વાત આવતા લોકોને શંકા-કુશંકાઓ થાય તે સ્વાભાવિક છે તેથી દર મહિને આવક-ખર્ચના હિસાબો હવેથી આપની સામે આવશે. આપ જોઇ શકો છો અને સહયોગી થવા માટે સહકાર આપશો તેજ અપેક્ષા સહ જય સમાજ....

માનદ્ તંત્રીશ્રી


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઈટ
app.kgksamaj.org

રકમ કોઈપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com



ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂ નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ

# રાયપુર ઘટક

આયોજીત

સહ વીર્યં કરવાવહૈ

આપણા સર્વેના સહયોગથી
આપણા જ સર્વેનું આયોજન

પધારો રાયપુર





ૐ

171 પોથીજી

## શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ મહોત્સવ

21 થી 28 ડિસેમ્બર 2024 રાયપુર

આધ્યાત્મ આનંદ
સાથે શોધ જીવન સાથીની ...



મહાસભા પ્રેરિત

## મંગળ પરિચય સમ્મેલન

25 થી 27 ડિસેમ્બર 2024- રાયપુર

જોડાશું દિલથી...
ની ટેગ લાઇન સાથેનું ત્રીજું આયોજન રાયપુર મધ્યે.

વિસ્તૃત વિવરણ આવતા
પરિપત્રો અને લિંકમાં વાહટશેપ
ઉપર ટુંક સમયમાં ...

ભાગવતજી ઉત્સવો સાથે
માડશું અધિવેશન આનંદ ...

મહાસભા પ્રેરિત

## મહાસભાનું વાર્ષિક અધિવેશન

25 થી 27 ડિસેમ્બર 2024- રાયપુર

સહ વીર્યં કરવાવહૈ

માળ્યું છે અધિવેશન સાથે ઉત્સવોને
માળશું ઉત્સવો સાથે અધિવેશનને ...

વિસ્તૃત વિવરણ આવતા પરિપત્રોમાં ...

### સંપર્ક સુત્રો

**ભાગવતજી આયોજન**

- ભરત હીરજીભાઈ ચાવડા 98271 56979
- વિનોદ દયારામભાઈ ટાંક 90094 48821
- રાજેશ કાંતિપ્રસાદ રાઠોડ 98271 07171

**મંગળ પરિચય આયોજન**

અ.સૌ. અમિતાબેન વિજયભાઈ સોલંકી 98259 29591
પ્રમુખશ્રી-મૈરેજ બ્યુરો, મહાસભા

- ગૌરવ હરિલાલ ચાવડા 98271 16141
- અ.સૌ. મનીષા યોગેશભાઈ સોલંકી 79877 18097
- અ.સૌ. નીતા રાજેશભાઈ રાઠોડ 99071 00252

**અધિવેશન આયોજન**

- હેમંત હરિરામભાઈ ગોહિલ 98279 36748
- હિતેશ મગનભાઈ વરૂ 93006 88763

**અમો ઉજવી રહ્યા છીયે ... સેવા સમિતિ રાયપુરની 75વીં અને મહિલા મંડળની 50વીં સ્થાપના વર્ષગાંઠ**

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોતમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**
**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**
**ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**
**Madhapar Office :** Shree Ram Group of Industries, Juna Vaas, Main Bazar, Po. Madhapar (Bhuj-Kutch) 370020, **Mob. 9925229079**

## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના વર્તમાન સત્રની પહેલી કાર્યવાહક સમિતિની બેઠક તા.૭,૮ સપ્ટેમ્બર-૨૦૨૪ દરમ્યાન વારાણસી ઘટકના સ્નેહમય આમંત્રણથી હોટલ સારનાથ ઇન્ટરનેશનલના ભવ્ય હોલમાં મળી રહી છે ત્યારે સર્વે સભ્યશ્રીઓને સમાજ ઉત્કર્ષના કાર્યમાં અમુલ્ય સહયોગ આપી જરૂરથી હાજર રહેવા અને આપના સુઝાવો મુકવા હાર્દિક નિમંત્રણ પાઠવું છું.

અત્યારે આપણે અલગ અલગ કાર્ય માટે સમાજના નિષ્ઠાવાન કાર્યકર્તાઓ અને મહાનુભાવોની મદદ લઇને વધુમાં વધુ પારદર્શિતા લાવવા પ્રયત્નશીલ છીએ. ગયા મહિને માસિક હિસાબો અને વડોદરા અધિવેશન તથા ગાંધીનગર મેરેજ બ્યુરોના હિસાબો પ્રકાશિત કરેલ હતા. જેમાં ઉપયોગી સુચનો પણ પ્રાપ્ત થયા છે. તેનો જરૂરથી અમલ કરીશું.

એકાઉન્ટીંગ સૉલ્યુશન અને સબમીશનની જવાબદારી રાયપુર નિવાસી શ્રી વિમલભાઇ નારાયણભાઇ ચાવડા અને તેમની ટીમ ખુબજ સારી રીતે કાર્ય કરી રહી છે. શ્રી વિમલભાઇ ચાવડા આટલા મોટા ગજાના બિઝનેશમેન હોવા છતાં પણ મહાસભાના કાર્ય માટે જરૂરી સમય ફાળવીને એકાઉન્ટીંગની જવાબદારી નિભાવી તેને વ્યવસ્થિત કરવા જહેમત કરી રહ્યા છે જે અભિનંદનને પાત્ર છે. પ્રમુખ સ્થાનેથી તેમની પૂરી ટીમને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું.

મહાસભાના લીગલ ડેસ્કના પ્રભારી મંત્રી શ્રી ભગવાનજીભાઇ રાઠોડ અને તેમની સમિતિ પણ મહાસભા અને તેમના હોદ્દેદારો પર ચાલતા કેસોની માહિતિ મેળવી ઉત્પન થયેલ વિવાદોનું નિરાકરણ લાવવા પુરી મહેનત કરી રહ્યા છે. ગયા મહિને શ્રી ભગવાનજીભાઇ માધવજીભાઇ રાઠોડ - મંત્રી, મહામંત્રીશ્રીઓ શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર અને શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર આના માટે કલકત્તા જઇને વકીલ રોકવાની અને નિરાકરણ લાવવાની જહેમત ઉઠાવી રહ્યા છે તે બદલ તેઓને પણ ધન્યવાદ પાઠવું છું.

ઘટકોની મુલાકાત અને સ્વાગત સમારોહની પ્રક્રિયામાં આ મહિને નાગલપર ઘટક અને સિનુગ્રા ઘટક દ્વારા શોભાયાત્રા અને સમગ્ર નાતના જમણવાર જેવા કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યા. જેમાં સમાજબંધુઓની સમાજ પ્રત્યેની ભાવના અને સંગઠન શક્તિના દર્શન થયા. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ દ્વારા પણ ભવ્ય કાર્યક્રમ આયોજીત કરી ભુજ બોર્ડીંગ મધ્યે નવનિર્મિત શેડના લોકાર્પણનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો.

શ્રી કચ્છ પ્રાદેશિક સમિતિના નેજા હેઠળ કચ્છના દરેકે દરેક ઘટકો વતી નવનિયુક્ત મહાસભા પ્રમુખશ્રીનું જાહેર અભિવાદનનો કાર્યક્રમ પણ ભુજ બોર્ડીંગ મધ્યે સંપન્ન કરવામાં આવ્યો. આ બધા સામાજીક મેળાવળાઓ અને ઉત્સવો દ્વારા સમાજમાં સંગઠનાત્મક ઉર્જાનો સંચાર થાય છે અને તેનો લાભ સમગ્ર સમાજને મળે જ છે.

સંગઠનાત્મક કાર્યો કરવાથી જ આપણે એકમેકની નજીક આવીશું અને સામાજીક સંગઠન વધુ મજબુત અને પ્રબળ બનશે તેવો વિશ્વાસ ધરાવું છું. ફરીથી આપ સૌ કોઇપણ પ્રકારના સંગઠનાત્મક વિચાર ધરાવતા હો અને જેનાથી સમગ્ર સમાજ લાભાન્વીત થઇ શકે તેવા કોઇપણ પ્રકારના સુઝાવ અને તેમને મૂર્તિમંત કરવાના નિતી-રિતી આપની પાસે હોય તો જરૂરથી મને મોકલાવશો અથવા મારાથી વિચાર વિમર્શ કરશો તો અવશ્ય આપના સુઝાવ પર ધ્યાન આપી મહાસભામાં તેને મુકીને તેને પરિણામલક્ષી કાર્યમાં પરિવર્તિત કરીશું તેવો વિશ્વાસ વ્યક્ત કરું છું. જય સમાજ... જય સીયારામ...

**'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - પ્રમુખશ્રી મહાસભા**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

## અર્ધવાર્ષિક બેઠક – વારાણસી (ઉ.પ્ર.)

**તા. ૭,૮ સપ્ટેમ્બર–૨૦૨૪, શનિવાર, રવિવાર   હોટલ સારનાથ ઈન્ટરનેશનલ, સારનાથ (વારાણસી)**

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની અર્ધવાર્ષિક બેઠક કોલફીલ્ડ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા વારાણસી ઘટકના સ્નેહમય આમંત્રણથી મળી રહી છે ત્યારે સમગ્ર કાર્યક્રમના આર્થિક ખર્ચને પહોંચી વળવા કુલ ખર્ચની અડધી રકમ ડોનેશનના માધ્યમથી અને અડધી રકમ રજીસ્ટ્રેશન શુલ્ક દ્વારા મેળવવાનું નક્કી કર્યા બાદ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી અને અન્ય મહાનુભાવ દાતાશ્રીઓના સહકારથી આર્થિક ખર્ચને પહોંચી વળવા શક્તિ પ્રાપ્ત થઈ છે. સર્વે દાતાશ્રીઓનો ધન્યવાદ સહ ખૂબ ખૂબ આભાર...



**'સમાજરત્ન'**
**શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
પ્રમુખશ્રી મહાસભા
:: મુખ્ય પ્રાયોજક ::
રૂા. ૧,૧૧,૧૧૧/-



**ડૉ. શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી મહાસભા (રૂા. ૫૧,૦૦૦/-)



**શ્રી ભોગીલાલભાઈ દેવશીભાઈ ચાવડા**
ઉપપ્રમુખશ્રી મહાસભા (રૂા. ૫૧,૦૦૦/-)



**બ્ર.કુ. શ્રી બાબુભાઈ અરજણભાઈ પરમાર**
ઉપપ્રમુખશ્રી મહાસભા (રૂા. ૨૫,૦૦૦/-)



**શ્રી મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ**
ઉપપ્રમુખશ્રી મહાસભા (રૂા. ૨૫,૦૦૦/-)



**શ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર**
સલાહકાર પ્રમુખશ્રી મહાસભા (રૂા. ૧૧,૦૦૦)



**શ્રી હિતેશભાઈ મગનભાઈ વરૂ**
કોષાધ્યક્ષશ્રી મહાસભા (રૂા. ૧૧,૦૦૦/-)



**શ્રી ભુપેન્દ્રભાઈ વિશનજીભાઈ પરમાર**
સલાહકાર સભ્યશ્રી મહાસભા (રૂા. ૧૧,૦૦૦/-)



**શ્રી વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા**
ઉપપ્રમુખશ્રી મહાસભા (રૂા. ૧૧,૦૦૦/-)



**શ્રી દિપકભાઈ રતિલાલભાઈ ટાંક**
પ્રમુખશ્રી સિંગભુમ પ્રા. સમિતિ (રૂા. ૧૧,૦૦૦/-)



**શ્રી અનિલભાઈ જીવરામભાઈ ચૌહાણ**
ઉપપ્રમુખશ્રી મહાસભા (રૂા. ૧૧,૦૦૦/-)



**ડૉ. કાંતિલાલભાઈ પુરૂષોત્તમભાઈ ચાવડા**
પ્રમુખશ્રી, રાજસ્થાન પ્રા. સમિતિ (રૂા. ૧૧,૦૦૦/-)



**શ્રી કિરીટભાઈ રમણીકભાઈ ચૌહાણ**
ઉપપ્રમુખશ્રી (રૂા. ૫,૦૦૦/-)



**શ્રી કિશોરભાઈ વાલજીભાઈ પરમાર**
પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.સમિતિ (રૂા. ૫,૦૦૦/-)

**વિનિત : વિનોદ મોહનલાલ ખોડિયાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા)**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## અંજાર કાર્યાલય

| આવક | જુલાઈ-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| ----- | ----- | ડીવાઇન સ્ટેશનરી બીલ | ૩૬૭ |
| | | મારૂતિ કુરીયલ બીલ કોર્ટ કે ખર્ચ | ૨૪૦૦ |
| | | કુરીયર બીલ | ૬૦ |
| | | ગાયત્રી ગ્રાફીક્સ બીલ | ૪૦૫૦ |
| | | કાર્યાલય બાંધકામ ખર્ચ | ૭૩,૨૧૭ |
| | | કુલ | ૮૦,૦૯૪ |

## રાયપુર કાર્યાલય

| આવક | જુલાઈ-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૬,૧૫૨.૪૦ | લીગલ એક્સપેન્સ | ૩૦,૦૦૦ |
| | | સેલરી | ૨૩,૦૦૦ |
| | | પોસ્ટેજ | ૨૮૦ |
| | | કુલ બચત | -૪૭,૧૨૭.૬૦ |
| કુલ | ૬,૧૫૨.૪૦ | કુલ | ૬,૧૫૨.૪૦ |

## અભિલાષા

| આવક | જુલાઈ-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી - માધાપર | ૫,૦૦૦ | ---- | --- |
| શ્રી ભગવાનલાલ રણછોડ ટાંક - નડીયાદ | ૧,૦૦૦ | | |
| શ્રી ખોડિયાર માતાજી કુળદેવી સ્થાનક - અંજાર | ૫,૧૦૦ | | |
| કુલ | ૧૧,૧૦૦ | | |

## સંજીવની

| આવક | જુલાઈ-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| જય સમાજ | ૨૫૦ | આદીપુર ઘટક - લાભાર્થી : ૧ | ૭,૦૦૦.૦૦ |
| જય સમાજ | ૧,૦૦૦ | ઔરંગાબાદ - લાભાર્થી : ૧ | ૩,૦૦૦.૦૦ |
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૫,૦૦૦ | રાયપુર ઘટક - લાભાર્થી : ૧ | ૩,૦૦૦.૦૦ |
| જય સમાજ | ૧,૧૦૦ | રાયપુર ઘટક - લાભાર્થી : ૧ | ૩,૦૦૦.૦૦ |
| જય સમાજ | ૨,૦૦૦ | ફીક્સ ડીપોઝીટ પેબલ (રી-ડીપોઝીટ) | ૫,૦૦,૦૦૦.૦૦ |
| હોટલ સુરભી (શ્રી ભોગીલાલ દેવસીભાઇ ચાવડા) મુન્દ્રા | ૫,૦૦૦ | પરભણી ઘટક - લાભાર્થી : ૧ | ૩,૦૦૦.૦૦ |
| ફીક્સ ડીપોઝીટ વ્યાજ | ૨૯,૦૯૨ | દુર્ગ ઘટક - લાભાર્થી : ૧ | ૨૦,૦૦૦.૦૦ |
| ફીક્સ ડીપોઝીટ રીસીવેબલ | ૫,૦૦,૦૦૦ | બેંક ચાર્જીસ | ૧૭.૭૦ |
| જય સમાજ | ૨,૦૦૦ | તુમસર ઘટક - લાભાર્થી : ૧ | ૩,૦૦૦.૦૦ |
| ઇકલેમ્પ પ્રો. સીસ્ટમસ - અમદાવાદ | ૨,૧૦૦ | તુમસર ઘટક - લાભાર્થી : ૧ | ૩,૦૦૦.૦૦ |
| સુભાંશુભાઇ સાવરીયા - પુના | ૧,૦૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| ગોપાલભાઇ પી. ચાવડા - હૈદ્રાબાદ | ૧,૦૦૦ | | |
| જય સમાજ | ૫૦૦ | | |
| શાંતિલાલ પ્રેમજી જેઠવા - અંજાર | ૭,૫૦૦ | | |
| જય સમાજ | ૧૨,૦૦૦ | | |
| રાધીકા ટીમ્બર (શાંતિલાલ ગોપાલજી જેઠવા) અંજાર | ૭,૫૦૦ | | |
| જય સમાજ | ૫,૦૦૦ | | |
| કુલ | ૫,૮૨,૦૪૨ | કુલ | ૫,૪૫,૦૧૭.૭૦ |

| | |
|---|---|
| તા. ૩૦-૦૬-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૨,૬૩,૪૦૮.૨૩ |
| + આવકની કુલ રકમ | ૫,૮૨,૦૪૨.૦૦ |
| - જાવકની કુલ રકમ | ૫,૪૫,૦૧૭.૭૦ |
| તા. ૩૧-૦૭-૨૦૨૪ના રોજ ખાતાની બાકી | ૩,૦૦,૪૩૨.૫૩ |

## સેતુ સમાજ સંદેશ

| આવક | જુલાઈ-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| આજીવન શુલ્ક | ૦૦ | પ્રિન્ટીંગ બીલ | ૧,૪૦,૫૯૫ |
| વાર્ષિક શુલ્ક | ૧૫૦૦ | ગ્રાફીક્સ બીલ | ૩૧,૩૧૮ |
| વાર્ષિક સહયોગ રાશી | ૪૫,૦૦૦ | પોસ્ટીંગ ખર્ચ | ૬,૦૦૦ |
| માસિક સહયોગ રાશી | ૧,૧૯,૦૦૦ | લેબલ - ટીકીટ પેસ્ટીંગ | ૨,૦૦૦ |
| અન્ય ભેટની રકમ | ૦૦ | અન્ય | ૦૦ |
| કુલ આવક | ૧,૬૫,૫૦૦ | કુલ જાવક | ૧,૭૯,૯૧૩ |
| | | કુલ માસિક તોટાળો | -૧૪,૪૧૩ |

માસ જુલાઇ-૨૦૨૪ના ઉઘરાણીની બાકી રહેલ રકમ ૦૦.૦૦



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# ડિજીટલ વસ્તીપત્રક



પ્રભારી : શ્રી હેમંતભાઇ હરિરામભાઇ ગોહિલ
રાયપુર (છ.ગ.)

સહપ્રભારી : શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણ
બિલાસપુર (છ.ગ.)

## સર્વે ઘટકો અને ત્યાં નિવાસરત પરિવારો માટે અગત્યની સુચના

મહાસભા દ્વારા પાછલા સત્રમાં સંપૂર્ણ સમાજબાંધવોના પરિવારોની વિગત એકત્ર કરી ડીજીટલ વસ્તીપત્રકનું કાર્ય કરેલ છે અને મહાસભાનાં KGK-One એપમાં મુકેલ છે સર્વે ઘટકો અને પરિવારોની સક્રિયતાથી વિગતો મળેલ છે. હજુ પણ અમુક પરિવારોની વિગતો મહાસભાને પ્રાપ્ત થયેલ નથી. માટે મહાસભા ફરી એકવાર વસ્તીપત્રકનું કાર્ય હાથ ધરે છે. સમાજનાં દરેક પદાધિકારીઓ ચાહે મહાસભા, પ્રાદેશિક અથવા ઘટકોના હોય તેમણે ફરી એકવાર નિવેદન કરવામાં આવે છે કે, તમારા ઘટકમાં જે પરિવારોની વિગત મહાસભાને મળેલ નથી કૃપયા પોતાનાં ઘટકનાં વોટ્સએપ ગ્રુપમાં અને એસ.એમ.એસ.ના માધ્યમથી ફરી એકવાર વસ્તીપત્રક માટે અભિયાન શરૂ કરશો. જેનાથી સંપૂર્ણ સમાજની માહિતિ મહાસભા પાસે આવી જાય અને પ્રકાશીત થઇ જાય.

પાછલા સત્રમાં જે પણ પરિવારોની માહિતિ મહાસભાને મળેલ છે તેનાં ડાટા ડીજીટલ વસ્તીપત્રક એપમાં એન્ટ્રી થઇ ગયા છે અને પ્રકાશીત પણ થઇ ગયા છે, માનવી ભૂલથી ટાઇપીંગમાં કંઇક ભૂલો થઇ હશે, અમુક પરિવારોના ફોન પણ આવે છે જેને તુરંત સુધાર કરવામાં આવે છે. આમ પોતે પણ તમારા પરિવારની વિગત જાંચ કરીને સુધારો કરી શકો છો. સાથે નિવેદન છે કે સમાજના સર્વે પરિવારો તુરંત જ KGK-One એપમાં જઇ વસ્તીપત્રક જોઇ શકો છો અને કંઇક ભૂલ હોય તો ત્વરીત સુધાર કરશો અથવા અમને સૂચિત કરશો. ફરી એકવાર નિવેદન જે પરિવારોએ પોતાની વિગત અત્યાર સુધી નથી મોકલાવી તેઓ સમાજ પ્રત્યે જવાબદારી સમજી તુરંત જ પોતાનાં ઘટકના માધ્યમથી મહાસભાને મોકલશો.

**પ્રભારી : હેમંત હરિરામભાઇ ગોહિલ – ઉપપ્રમુખશ્રી, મહાસભા – મો. ૯૮૨૭૯૩૬૭૪૮**
**સહપ્રભારી : અંબાલાલ વિરજીભાઇ ચૌહાણ – ઉપપ્રમુખશ્રી, મહાસભા – મો. ૯૯૮૧૮૩૪૮૮૮**
**ગૌરવભાઇ હરિલાલ ચાવડા – મંત્રીશ્રી મહાસભા – મો. ૯૮૨૭૧૧૬૧૪૧**

॥ ૐ શાંતિ ॥

સહ વીર્યં કરવાવહૈ

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



# ‘સંજીવની-૫’

The Lifeline.....

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**
(ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : ‘સંજીવની’

Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

## ‘સંજીવની સંકલ્પધારી પરિવાર’

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

**‘સંજીવની સમ્રાટ’ સમાજરત્ન**
**શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર**
**શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર – હૈદ્રાબાદ**
**શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર – મુન્દ્રા**
**શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર – અંજાર**
**સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર – રાયપુર**
**સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર – સુરત**
**શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર – કલ્યાણ**
**શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર)**
**નૈરોબી–કેન્યા–આફ્રિકા**
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ - અંજાર-કલ્યાણ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ - મહાસભા)
ગં.સ્વ. ઇન્દીરાબેન મગનલાલભાઇ રાઠોડ (ખેડોઇ) - સુરત
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર
માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર - રાજકોટ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/–ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર - વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર - અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ
(પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાક્ટર પરિવાર - અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ
‘સંજીવની સરતાજ’ શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ - વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર
શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક - આદીપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક - મોરબી
શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક - લંડન (આદિપુર)
શ્રી મનોહરભાઇ વિરામભાઇ ટાંક - અમદાવાદ

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦–૨૫૦/–ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા - જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)



श्री विनोदभाई चौहाण
प्रभारीश्री

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**|| શિક્ષણ દાન એજ મહાદાન ||**

શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

નમસ્કાર... શાસ્ત્રોમાં વિદ્યાદાનને મહાદાન ગણવામાં આવ્યું છે ત્યારે આપણા સમાજના શિક્ષણ પ્રેમી દાતાશ્રીઓના દાનનું મહત્વ સમજીને આર્થિક રીતે નબળા છાત્રોનો હાથ પકડવા આગળ આવી રહ્યા છે અને આવી ઉદારદિલ ભાવનાથી આ વખતે આ



સમિતિનો હાથ પકડી રહ્યા છે... મૂળ ગામ નાગોર - હાલે અંજાર નિવાસી દંપતિ એવા **શ્રીમતી રસિલાબેન તથા શ્રી નાનાલાલભાઈ હીરજીભાઈ સોલંકી** ૮૦ની ઉંમર પાર કરી ગયેલા અને વિચારો તથા સ્વાસ્થ્યથી સમૃદ્ધ એવું આ દંપતિ ઉપર શ્રીરાજજીની મહેર છે. નિરાધાર, તબીબી, શિક્ષણ અને અન્ય સેવાઓમાં હંમેશા પોતાનું આર્થિક યોગદાન આપતા આ દંપતિ પોતાના પ્રણામી સંપ્રદાયના પણ સેવક છે અને પ્રણામી મંદિરો તથા તેના સંબંધી અન્ય વ્યવસ્થાઓ માટે આર્થિક સેવાઓ આપી રહ્યા છે. એક કાર્યક્રમ હેતુથી તેમના નિવાસ સ્થાને મળવા જવાનું થતાં ટહેલ નાખી... અને અમારા આંગણે આવીને તમે ખાલી હાથે ન જઇ શકો... આવી મીઠી મધ જેવી ભાવના સાથે સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે રૂા. ૫૧,૦૦૦ (એકાવન હજાર પૂરા) જાહેર કર્યા.

આમ તો તેઓશ્રી પ્રતિ વર્ષ રૂા. ૨૧,૦૦૦ના દાતાશ્રી તો છે જ, આ વખતે અમારી લાગણી ભરી માગણીને માન આપ્યું. ધન્ય છે અમારા રસિલાબેન તથા નાનાલાલભાઈ... આપના સેવાભાવને નત મસ્તક વંદન કરી કૃષ્ણ પ્રણામી શ્રીરાજજી મહારાજની કૃપા હંમેશાં આપના ઉપર વરસતી રહે... આપ હંમેશા સ્વસ્થ રહો... દિર્ઘાયુ બનો તેવી મંગલકામના...

દાનદાતાશ્રીઓના સહકાર અને ઉદારભાવ વિના આ સેવાકાર્ય શક્ય નથી ત્યારે **મહાસભાના કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઈ મગનભાઈ વરૂ** તથા તેમના જીવનસંગીની સૌ. ભાવનાબેન વરૂની લગ્નતિથી શુભ અવસરે પ્રાપ્ત થયેલ રૂા. ૫૧૦૦ ના ખુશાલી દાનની અત્રે સાભાર નોંધ લઇએ. **સ્વ. રમેશભાઈ ભવાનભાઈ ચૌહાણ – ગાંધીધામ**ની પુણ્યતિથિ (તા.૨/૮) પર તેમના ધર્મપત્ની **શ્રીમતી નયનાબેન ચૌહાણ** તરફથી રૂા. ૧૧૦૦નું દાન પ્રાપ્ત થયું. તેમનો પણ ખૂબ ખૂબ આભાર... દાતાશ્રીઓના આ ક્રમમાં '**સમાજરત્ન**' **શ્રી વિનોદભાઈ પી. સોલંકી** તરફથી પ્રતિમાસ પ્રાપ્ત થતું રૂા. ૫૦૦૦ નું દાન પણ એટલું જ અગત્ય ધરાવે છે. આ સિવાય પ્રતિમાસના દાનદાતાશ્રી એવા **શ્રી ભગવાનલાલ રણછોડભાઈ ટાંક** - રૂા. ૧૦૦૦, **શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** - રૂા. ૧૫૦૦૦, **શ્રી હેમંતભાઈ નરભેરામભાઈ ચાવડા** - રૂા. ૫૦૦, **શ્રી વલમજીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા** - રૂા. ૫૦૦ તેમજ સમયાંતરે આ સમિતિને મદદરૂપ બનતા તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર...

- વિનોદ એલ. ચૌહાણ - પ્રભારી અને ઉપપ્રમુખ



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## દેશ-વિદેશ સંકલન સમિતિ

**વિદેશમાં વહાલપ મને મીઠી લાગે શામળા**




પ્રભારી : શ્રી પ્રવિણભાઇ સુર્યકાન્તભાઇ વેગડ
અંજાર (કચ્છ)
મો. +૯૧૯૮૨૫૩૬૧૮૨૨

સહપ્રભારી : શ્રી કેતનભાઇ પ્રકાશભાઇ ચાવડા
બ્રિસબેન (ઓસ્ટ્રેલિયા)
મો. +૬૧૪૧૪૩૭૩૭૩૭


માદરે વતન કચ્છ અથવા જનની જન્મભૂમિથી યોજનોદુર પોતાનો માણસ, એકજ સમાજનો વ્યક્તિ ઓચિંતો મળે ત્યારે દેશની માટીની સુગંધનો અહેસાસ થાય છે. વિદેશમાં પોતિકો આત્મીયજન મળે તેવો આનંદ અનુભવાય છે.



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની તત્કાલ બેઠકમાં તા. ૯/૬/૨૦૨૪ના 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ રાષ્ટ્રીય મહાસભાના આદ. પ્રમુખશ્રી તરીકે પદભાર ગ્રહણ કર્યો એજ દિવસે સીડનીમાં શ્રી રાજેશભાઇ દયારામભાઇ ચૌહાણના નિવાસ સ્થાને આપણા સમાજના વિદેશ વસતા ભાઇઓનો નાનો સ્નેહમિલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં સીડની, બ્રિસબેન, એડિલેડ, પર્થ વગેરે ઓસ્ટ્રેલિયાના બધા સમાજબાંધવો સાથે મળ્યા અને સંગઠનની ચર્ચા કરી મુક્ત મને પોતાના વિચારો રજુ કર્યા હતા. દિપાબહેને સ્વરચિત કવિતા દ્વારા સમાજ વિશે પોતાનો પ્રેમ અભિવ્યક્ત કર્યો હતો અને સૌને આવકાર આપ્યો હતો.

દેશ-વિદેશ સંકલન સમિતિના પ્રભારી શ્રી પ્રવિણભાઇ વેગડે સંગઠનના ફાયદા જણાવી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ - ઓસ્ટ્રેલિયાની જાહેરાત કરી તેમના પ્રથમ પ્રમુખશ્રી તરીકે શ્રી રાજેશભાઇ દયારામભાઇ ચૌહાણને ઘોષિત કરવામાં આવ્યા હતા. તેઓશ્રીએ પોતાના સહયોગીશ્રીઓમાં ઉપપ્રમુખશ્રી તરીકે શ્રી હિમાંશુભાઇ રાઠોડ - ૬૧૪૧૩૯૦૦૦૬૫ અને મંત્રીશ્રી તરીકે શ્રી કેતનભાઇ કોન્ટ્રાકટર - ૬૧-૪૫૧૯૯૨૯૫૪ની નિમણુંક કરવામાં આવી હતી. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી અને તત્કાલીન કા.વા. પ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ વિડીયો કોલીંગના માધ્યમથી સભાને સંબોધન કર્યું હતું અને સમાજબંધુઓને આશીર્વાદ પાઠવ્યા હતા. પ્રભારી શ્રી પ્રવિણભાઇ વેગડ દ્વારા સમિતિના સહપ્રભારી શ્રી કેતનભાઇ પ્રકાશભાઇ ચાવડાની નિમણુંકની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રભારી શ્રી પ્રવિણભાઇ વેગડ, પ્રમુખશ્રી રાજેશભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી હિમાંશુભાઇ રાઠોડ, મંત્રી શ્રી કેતનભાઇ, વગેરેએ પ્રાસંગીક પ્રવચન આપ્યા હતા. જ્યારે રૂતિકાબેન ચૌહાણે આભારદર્શન કરેલ હતું. પધારેલ દરેક સમાજબંધુઓ માટે ભોજનની વ્યવસ્થા અને મીટીંગની વ્યવસ્થા શ્રી રાજેશભાઇ દયારામભાઇ ચૌહાણના સૌજન્યથી કરવામાં આવી હતી.





પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઇ ટાંક - રાયપુર

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ર/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા "Learn & Earn" અંતર્ગત



૨૦૨૪નો ૭મો પ્રોજેક્ટ રાજસ્થાન પ્રાદેશિકના ઉદયપુર ઘટકથી શ્રીમતી ઇનાબેન રાઠોડ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ.

**શ્રીમતી ઇનાબેન નરેશભાઇ રાઠોડ** એ સ્વ. શ્રીમતી નિર્મલાબેન હિરજીભાઇ ચૌહાણ (કોટા)ના સુપુત્રી તથા સ્વ. શ્રીમતી શાંતીબેન ભાણજીભાઇ રાઠોડ (ઉદયપુર)ના પુત્રવધુ છે. ઇનાબેને બી.એ.નો અભ્યાસ કરેલ છે. ઇનાબેન નાનપણથી નેચરથી બહુ પ્રભાવિત હતા. અને કલામાં વિશેષ રૂચી હતી. તેમને સિવિંગ, ક્રોશેટ અને એમ્બ્રોઇડરી પોતાની મમ્મીથી શિખ્યા છે. અને પેન્ટીંગ એમને પોતે સેલ્ફ લર્નિંગથી શીખ્યું છે. શાળાકીય જીવનમાં એમને આર્ટ-હેન્ડીક્રાફ્ટ બહુ રૂચી હતી અને સ્કુલમાં સ્ટેટ લેવલમાં ડ્રોઇંગ કમ્પીટીશન પણ જીતી હતી. સ્કાઉટ ગાઇડ જમ્બુરીમાં પણ એમને નેશનલ લેવલમાં પુરસ્કૃત કરવામાં આવેલ.

શ્રીમતી ઇનાબેન પેઇન્ટીંગમાં વિવિધ પ્રકારના પેઇન્ટીંગ્સ જેમ કે થ્રી-ડી પેઇન્ટીંગ, કેનવાસ પેઇન્ટીંગ, મડવર્ક, એક્રેલિક, પેપરમાશેનિબ પેઇન્ટીંગ અને ફ્રેમ-પોટ પેઇન્ટીંગ્સ કરે છે. પણ થ્રીડી આર્ટ પેઇન્ટીંગ એક યુનિક છે. રૂબરૂ દેખાવામાં રિયલિસ્ટિક અને ખુબજ આકર્ષક લાગે છે. પેપરમાશે પેસ્ટ થી થ્રીડીમાં ફુલ-પત્તી અને નેચરના વિભિન્ન આકાર બનાવવામાં એમને બહુ ખુશી અને આત્મિક આનંદ, સંતુષ્ટિનો અહેસાસ થાય છે.

શ્રીમતી ઇનાબેન કહે છે કે લગ્ન પછી પારિવારીક જવાબદારી સંભાળતા સાથે એ પોતાની બધી આર્ટ કરતા, જેમાં એમના પતિ સ્વ. શ્રી નરેશભાઇ રાઠોડનો પૂર્ણ સપોર્ટ હતો. તેના કારણથી જ તેઓ આ કલાક્ષેત્રમાં આટલા આગળ વધી શક્યા અને વિવિધ પ્રકારનું આર્ટવર્ક એક્સપ્લોર કરી શક્યા. ઉદયપુરના નેશનલ ફોક ફેસ્ટીવલ શિલ્પગ્રામ ઉત્સવમાં પેઇન્ટીંગ એક્ઝિબિશનમાં ઇનાબેનની પેઇન્ટીંગ્સ બે વાર સિલેક્ટ થઇ છે તેમજ ઉદયપુર ફિલ્ડ ક્લબ, સંગમ હોલ અને મહારાણા પ્રતાપ ઇન્ટરનેશનલ એરપોર્ટમાં પણ ઇનાબેનની પેઇન્ટીંગ્સને એક્ઝિબિટ કરવામાં આવેલ છે. લલિત કલા પ્રબોધિની પુણે દ્વારા ઓનલાઇન પેઇન્ટીંગ કમ્પીટીશનમાં 'બેસ્ટ અચીવમેન્ટ એવોર્ડ'થી પુરસ્કૃત કર્યું છે તેમજ ઉદયપુર ગુજરાત સમાજ દ્વારા આર્ટ અને ક્રાફ્ટ માટે સન્માનિત કરવામાં આવેલ. એમનું ઇન્સ્ટાગ્રામ પર "inarathoreg" આર્ટ એકાઉન્ટ અને ફેસબુક પેજ પર "Sharpen Strokes" નામથી આર્ટ પેજ છે. એમને ઘણા પ્રકારના હોબી ક્લાસેસ પણ આપ્યા છે.

ઇનાબેન કહે છે બહેનો આપ "Learn & Earn" ના વિવિધ પ્રકારના ૪૦ પ્રોજેક્ટના માધ્યમથી આર્ટ એન્ડ ક્રાફ્ટ, કુકીંગ અને બેકીંગમાં શીખીને પોતાના હોબી ક્લાસેસ લઇ શકે છે. ગીફ્ટ આર્ટીકલ્સમાં ક્લાસેલ લઇ શકે છે અને અનેક પ્રકારના ઓનલાઇન રિસોર્સેસ ઉપયોગ કરી ઇનકમ જનરેટ કરી આત્મનિર્ભર, સ્વાવલંબી બની પોતાના પરિવારને સહયોગ પણ કરી શકો છો. ઇનાબેન કહે છે આ પ્રોજેક્ટને સફળ બનાવવા ઉદયપુરથી શ્રીમતી માધવીબેન રાઠોડ અને શ્રીમતી પ્રીતિબેન ચૌહાણનો પુરો સહયોગ રહ્યો છે માટે તેમનો ખૂબ ખૂબ આભાર. મહિલા ઉત્કર્ષ સમિતિ આપણા સમાજના આવા નિષ્ણાંત, એક્સપર્ટ વિવિધલક્ષી કલાનિપુણ, સૃજનશીલ, ગુણવાન, પ્રેમાળ, લાગીશીલ, સમાજ સેવાની-સમર્પણની ભાવનાથી ઓતપ્રેત (શ્રીમતી ઇનાબેન દ્વારા મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા આપવામાં આવતી પ્રોત્સાહન રાશી રૂા. ૧૧૦૦/- મહિલા ઉત્કર્ષ સમિતિના કાર્ય માટે પાછી આપવામાં અવોલ છે.) એવા હિરલાને સફળ પ્રોજેક્ટ આપવા માટે સહૃદયથી સૅલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી... અભિનંદન આપી તેમના ઉજવલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## શહડોલ ઘટક

તા. ૨૦-૦૭-૨૦૨૪ના શહડોલ ઘટક વતી અનુપપુર વસાહતમાં ઘટકના સૌ ભાઇ-બહેનોએ ઘટક પ્રતિનિધિઓ શ્રી જયસુખભાઇ ચાવડા - પ્રમુખ તથા શ્રી નિતિનભાઇ ચૌહાણ - મંત્રી તથા શ્રી વિવેકભાઇ ખોડિયાર - કોષાધ્યક્ષનું અનુપપુર પધારતા આત્મીય સ્વાગત કરેલ. સહુ સભ્યો વતી ઘટક વસ્તીપત્રકની સુધારણા માહિતી આપેલ તથા ઘટકની સામાજીક ગતિવિધિઓને વેગ આપવા વિચારણા કરી, જેથી સમાજ એકતા અને આપસી પ્રેમભાવ જાગૃત થાય.

આ અવસરે સમય અને શાસનની મનસા મુજબ ''એક પૌધા મા કે નામ'' ને ધ્યાનમાં રાખી જેમાં નારી શક્તિની આદરની ભાવના વધે તે લક્ષમાં રાખી આદિવાસી છાત્રાવાસ અનુપપુરના પ્રાંગણમાં સ્થાનીય પાર્ષદ મેડમની અધ્યક્ષતામાં વૃહત વૃક્ષારોપણ કરવામાં આવેલ. ઘટક ઉપાધ્યક્ષ શ્રી ગિરીશભાઇ વલમજી




રાઠોડની દેખરેખ હેઠળ શ્રી સંજયભાઇ રાઠોર, શ્રી મુકેશભાઇ રાઠોર, શ્રી ભૌમિકભાઇ રાઠોર, શ્રી મહેન્દ્રભાઇ રાઠોર, શ્રી દિપકભાઇ રાઠોર એવં સર્વે ભાઇઓ ઉપસ્થિત રહી સહયોગ આપેલ. મહિલા મંડળ તરફથી શ્રીમતી રૂપાંગનીબેન, શ્રીમતી અર્પિતાબેન, શ્રીમતી ભાવનાબેન, શ્રીમતી તૃપ્તીબેને પણ વૃક્ષારોપણ કરી પ્રેરણા આપી સૌ સદસ્યોને તથા સંપર્ક પ્રવાસ પૂર્ણ કરી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કાર્યક્રમ સંપન્ન થયેલ.

## માધાપર ઘટક

પ્રમુખ શ્રી જયંતીલાલ વલમજીભાઇ વાઘેલાએ મહેમાનોનું સ્વાગત કરી પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. ત્યાર બાદ મહેમાનોનું સાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. શ્રી જૈન મેડીકલ



સર્વમંગલ આરોગ્યધામ - ભુજ તથા શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર દ્વારા સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી સમાજ ભવન મધ્યે તા. ૨૮-૦૭-૨૦૨૪, રવિવારે સવારે ૯ થી ૧ વાગ્યા સુધી નિઃશુલ્ક સ્કિનકેર અને જોઇન્ટકેર મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી દ્વારા શ્રીરામ સ્તુતિ અને દિપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. માધાપર ઘટકના

અને એજ્યુકેશન ટ્રસ્ટના શ્રી રજનીભાઇ પટવાએ માધાપર સમાજની પ્રવૃત્તિઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા અને હોદ્દેદારોને ભેટ આપી સન્માન કર્યું હતું. મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીએ આયુર્વેદ ચિકિત્સાનું મહત્વ સમજાવી લોકોને વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી.

સર્વમંગલ આરોગ્ય ધામના ચીફ મેડીકલ ઓફીસર શ્રી ડૉ. આલાપ અંતાણી અને ચામડીના રોગોના નિષ્ણાંત ડૉ. તપન સોલંકી નિઃશુલ્ક સેવા આપી હતી અને રાહત દરે દવાઓનું





વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૭૦ લાભાર્થીઓએ સારવારનો લાભ લીધો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયતના ઉપપ્રમખુ શ્રી પ્રવિણાબેન રાઠોડ, અખિલ ભારતીય મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી તેમજ માધાપર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક તેમજ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ સામજીભાઇ ચૌહાણ તેમજ શ્રી ચમનભાઇ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહમંત્રી શ્રી દિપકભાઇ ચૌહાણ, ખજાનચી શ્રી મનોજભાઇ ટાંક તેમજ અ.ભા.યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રી મોહિતભાઇ સોલંકી, શ્રી ચેતનભાઇ ચૌહાણ, શ્રી કમલેશભાઇ પરમાર, શ્રી ગિરીશભાઇ ચૌહાણ, શ્રી કિરણભાઇ ચૌહાણ, શ્રી રાજેશભાઇ ચાવડા તેમજ શ્રી ડેનિશભાઇ પરમાર અને શ્રી અમિતભાઇ રાજપૂતે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમની સફળતા માટે શ્રી જૈન મેડીકલ અને એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી મુકેશભાઇ શાહે શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માધાપર ઘટકના મંત્રી શ્રી કાંતિલાલ પી. ચૌહાણે કર્યું હતું.

માધાપર ઘટક દ્વારા ૭૮મા સ્વતંત્રતા દિનની ઉજવણી માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલાની ઉપસ્થિતિમાં સમાજ ભવનના પ્રાંગણમાં કરવામાં આવી હતી. સૌપ્રથમ પધારેલ સમાજના મહાનુભાવ દ્વારા ભારત માતાને હારારોપણ તેમજ દિપ પ્રાગટ્ય કરી ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલાના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો. ત્યાર બાદ ભારતમાતાના આન, બાન અને શાન સમાન તિરંગાને સલામી આપી હતી અને રાષ્ટ્રગીતનું ગન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ નૂતન કેળવણી મંડળ સંચાલિત બાલમંદિરના બાળકો દ્વારા દેશભક્તિના ગીતો પર નૃત્ય રજુ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકી, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પ્રવિણાબેન રાઠોડ, શ્રી ચમનભાઇ ચૌહાણ, શ્રી ગજેન્દ્રભાઇ વાઘેલા, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, અ.ભા.મ. મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી નિતાબેન સોલંકી, કચ્છ પ્રા. પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, યુવા મંડળના પ્રમુખ ભરતભાઇ રાઠોડ, યુવતી મંડળના પ્રમુખ નંદીનીબેન સોલંકી તેમજ સભ્યો અને સમાજના ઘણા લોકો ઉપસ્થિત રહેલ હતા. તેમનો મંત્રી શ્રી કાંતિલાલ પી. ચૌહાણે આભાર વ્યક્ત કરેલ.



માધાપર ઘટક દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને સમાજ ભવનમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલા તથા અતિથિ વિશેષ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી અને મહાનુભાવોના

હસ્તે દીપ પ્રાગટ્ય કરી શ્રી શિવ સ્તુતિ અને શ્રી રામ સ્તુતિ અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના ગાઇ શરૂઆત કરવામાં આવેલ. યુવા મંડળના પ્રમુખ ભરત રાઠોડે પધારેલ સર્વેનું શાબ્દિક સ્વાગત કરી સમાજના કે.જી.થી ધોરણ ૧૨ અને ઉચ્ચ અભ્યાસ કરતા વર્ષ ૨૦૨૪-૨૫માં ઉત્તિર્ણ થયેલ કુલ ૨૭૭ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવેલ અને દરેક ધોરણમાં ૧ થી ૫ નંબર તેમજ અન્ય તમામને આશ્વાસન ઇનામો આપવામાં આવેલ હતા અને વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરનારને સન્માન પત્ર અને પ્રતિક ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ભુજના જાણીતા મનોચિકિત્સક ડૉ. શ્રી દેવજ્યોતી શર્મા તથા મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી ડૉ. મનોજભાઇ સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને અને વાલીઓને શિક્ષણ ઉપયોગી માર્ગદર્શન આપેલ હતું. પ્રમુખ સ્થાનેથી શ્રી જયંતિલાલ વલમજી વાઘેલાએ કાર્યક્રમ માટે આર્થિક સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓ તથા કાર્યક્રમ માટે સહયોગ આપનાર તમામનો આભાર માનેલ હતો તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને જીવનમાં પ્રગતી માટે શુભેચ્છા આપેલ હતી. કુકમા નિવૃત્તિ આશ્રમના ગુરૂ શ્રી વાસુદેવજી મહારાજે આ કાર્યક્રમ માટે શુભેચ્છા પાઠવી હતી.

દાતાઓ તરફથી કુલ ૧,૧૦,૦૦૦ના ઇનામો માટે દાન આપવામાં આવેલ હતું. ઉપસ્થિત આગેવાનો તરફથી વિદ્યાર્થીઓને શિક્ષણ તેમજ અન્ય વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઇ સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, અ.ભા.મ. મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન સોલંકી, અ.ભા.યુવા મહામંડળના ઉપપ્રમુખ શ્રી મોહિતભાઇ સોલંકી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, કચ્છ.પ્રા.યુવા મહામંડળના સલાહકાર પ્રમુખ શ્રી હિરેનભાઇ ચૌહાણ, શ્રી ચમનભાઇ ચૌહાણ તેમજ યુવા મંડળના પ્રમુખ શ્રી ભરત રાઠોડ, યુવતી મંડળના પ્રમુખ શ્રીમતી નંદીનીબેન સોલંકી તથા સર્વ પાંખના હોદ્દેદારો અને સભ્યો અને સમાના મોટી સંખ્યામાં ભાઇઆ અને બહેનો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી બ્રિજેશભાઇ ગોહિલ, શ્રી ચેતનભાઇ ચૌહાણ, શ્રી અમિતભાઇ ચૌહાણ, શ્રી કિરણ ચૌહાણ, શ્રી ગિરીશભાઇ હિરજીભાઇ ચૌહાણ, શ્રી દર્શનભાઇ પરમારે જહેમત લીધી હતી. અલ્પાહારના દાતા મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી અને ઉપસ્થિત તમામનો શ્રી અમિતભાઇ ચૌહાણે આભાર વ્યક્ત કરેલ હતો. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી કાંતિલાલ પી. ચૌહાણે કરેલ હતું.

## અમદાવાદ ઘટક

તા. ૨૮-૦૭-૨૦૨૪, રવિવારના રોજ અમદાવાદ ઘટકના ગાંધીનગર ખાતે વસવાટ કરતા લોકોનું દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજને ધ્યાનમાં રાખીને એક સ્નેહમિલન સાથે સમુહ ભોજનનું આયોજન ગાંધીનગર મધ્યે ગ્લોબલ બગીચો - સેન્ટ્રલ વિસ્ટા ખાતે કરવામાં આવેલ હતું. સમાજના બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. ગાંધીનગર ગીફ્ટ સીટી બની રહ્યું હોવાથી દર વર્ષે સમસ્ત ભારતભરમાંથી આપણા સમાજના ઘણા કુટુંબો આવી રહ્યા છે. એટલે કાર્યક્રમની શરૂઆત પ્રથમ પ્રાર્થના પછી બધા લોકોએ પોત-પોતાનો પરિચય આપીને કરેલ હતો. ત્યાર બાદ ગુજરાત પ્રાદેશિક પ્રમુખ અને પૂર્વ ઉપપ્રમુખ અમદાવદ ઘટક શ્રી રસીકભાઇ ચૌહાણ દ્વારા અમદાવાદ ઘટકમાં ચાલતી પ્રવૃત્તિઓ તેમજ મહાસભાના નવા








વરાયેલા પ્રમુખ આદ. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરની નિમણુંકની જાણકારી આપી સર્વેને અવગત કરવામાં આવેલ.

ત્યાર બાદ પ્રસંગમાં પધારેલ ૧૪ સિનિયર સિટીઝનનું શ્રીફળ અને રૂા. ૧૧/- આપી લાંબી ઉંમર, સ્વસ્થ અને સુખમય જીવન માટે શુભેચ્છા પાઠવવામાં આવેલ. તેમજ ગુજરાત પ્રાદેશિક પ્રમુખ તરીકે શ્રી રસીકભાઇ ચૌહાણની નિમણુંક થવાથી શ્રી રસીકભાઇ ચૌહાણનું પણ શ્રીફળ અને રૂા. ૧૧/- આપી સન્માનીત કરવામાં આવેલ. પરિવારના બાળકો, મહિલાઓ અને ભાઇઓને અલગ-અલગ મન પસંદ રમતો રમાડવામાં આવેલ અને વિજેતાઓને ઇનામો આપી સન્માનીત કરવામાં આવેલ. સર્વેને સાથે મળી હાઉઝીની રમત રમાડવામાં આવેલ હતી અને વિજેતાઓને ઇનામ આપેલ. આજના પ્રસંગનું સંચાલન શ્રી પ્રવિણભાઇ યાદવ દ્વારા કરવામાં આવેલ. આયોજનમાં શ્રી રસીકભાઇ, શ્રી જયેશભાઇ, શ્રી પ્રવિણભાઇ, શ્રી દીપકભાઇ, શ્રી પ્રણવભાઇ, શ્રી ઉપેશભાઇ અને શ્રી કિરણભાઇનો સંપૂર્ણ સહયોગ મળેલ હતો. અંતમાં બપોરનું કચ્છી ભોજનની મજા માણી સૌ છુટા પડ્યા હતા.

## સુરેન્દ્રનગર ઘટક




ઘટકના વાનપ્રસ્થીઓ પ્રેરીત-અર્પિત અને ઘટક સમર્પિત એવી પિતૃ ઋણ સ્મૃતિ મંદિર યોજના અંતર્ગત કચ્છી નવા વર્ષ અષાઢી બીજોત્સવ કાર્યક્રમ તા. ૭-૭-૨૦૨૪, રવિવારના રોજ સવારે ૧૦ કલાકે ઘટક પ્રમુખ શ્રી હસમુખરાય કે. ટાંકના નિવાસ સ્થાને યોજવામાં આવેલ. જેમાં ઘટક પરિવારોએ ઉત્સાહભેર ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવેલ.

ઘટક પરિવારોના આગમન બાદ સૌ પ્રથમ દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યાર બાદ મહિલા મંડળની બહેનો દ્વારા પ્રભુ પ્રાર્થના બાદ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. સૌ પ્રથમ કાર્યક્રમની રૂપરેખા - પ્રાસંગીક ઉદ્‌બોધન સાથે મંત્રી શ્રી મયુરભાઇ જી. રાઠોડ દ્વારા ઉપસ્થિત સર્વે ઘટક પરિવારોનું સ્વાગત કરેલ. કાર્યક્રમને આગળ વધારતા સામૂહિક પિતૃ-વંદના - ગીતાપાઠ, અંજલીગીત, ભાવગીત સાથે સૌએ સહૃદયપૂર્વક પિતૃ દર્શન કરેલ અને ફુલો વડે શ્રદ્ધાંજલી આપેલ. ઘટક ભાઇ-બહેનોના ઉદ્‌બોધનમાં શ્રી હસમુખભાઇ ટાંક, કમલેશભાઇ વાઘેલા, હરીશભાઇ પરમાર, જીગરભાઇ રાઠોડ વગેરે દ્વારા પ્રાસંગીક ઉદ્‌બોધન આપેલ. ત્યાર બાદ સીનીયર સીટીઝનોમાં પદાર્પણ કરનાર ઘટકના વડીલોને શાલ-પુષ્પગુચ્છ સન્માન અંતર્ગત ઘટક પ્રમુખ શ્રી હસમુખરાય ટાંક તથા ઉપપ્રમુખ શ્રી કમલેશભાઇ વી. વાઘેલા દ્વારા ઘટકના માજી પ્રમુખ શ્રી હરીશભાઇ ડી. પરમારને શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવેલ.

ત્યાર બાદ અંજાર ઘટક, વડોદરા ઘટક અને અમદાવાદ ઘટક દ્વારા કચ્છી નવા વર્ષ નિમિત્તે શુભેચ્છા સંદેશ મોકલેલ તે સૌને જણાવેલ.

યુવા મંડળ, પ્રમુખ શ્રી જીગરભાઇ રાઠોડ દ્વારા આગામી દિવસોમાં ઘટકમાં સંયુક્ત પ્રવાસ યોજાય તે બાબતે વિચારણા કરવા સર્વેને જણાવેલ. અંતમાં આજના કાર્યક્રમના આયોજન - સંચાલન તથા પ્રાસંગીક ઉદ્‌બોધનને સૌએ તાડીઓના ગડગડાટથી વધાવેલ. તથા ઘટક ખજાનચી શ્રી સંજયભાઇ પરમાર દ્વારા આજના કાર્યક્રમના સ્થળ બદલ શ્રી હસમુખભાઇ ટાંકનો આભાર વ્યક્ત કરી અંતમાં સૌએ ઉભા થઇ રાષ્ટ્રગીત ગાઇ કાર્યક્રમ સમાપ્તીની જાહેરાત કરી અને સૌથી છેલ્લે મહાપ્રસાદ ભોજન કાર્યક્રમ પૂર્ણ થતાં સૌ હોંશભેર વિદાય લીધેલ.

## ખંભરા ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ખંભરા ઘટક દ્વારા મહાસભાના નવનિર્વાચીત પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના સત્કાર સમારોહનું આયોજન ખંભરા શાંતિનગર મધ્યે શ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડ - ઉપપ્રમુખશ્રી મહાસભાના નિવાસ સ્થાને કરવામાં આવેલ હતું.

મહાસભાના ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમારની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના અને સ્વાગત બાદ બ્ર.કુ. બાબુભાઇ પરમાર, ઘટક પ્રમુખ શ્રી રમેશભાઇ પરમાર, વિનોદભાઇ રાઠોડ, 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા. ખંભરા ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા નવનિર્વાચીત પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીનું હાર અને શાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું હતું. પૂર્વ પ્રમુખ શ્રી હસમુખભાઇ રાઠોડ, જીવરામભાઇ ચાવડા અને યુવા મંડળ તથા મહિલા મંડળના હોદ્દેદારો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આભારદર્શન શ્રી જીવરામભાઇ ચાવડાએ કર્યું હતું.

## કેંજોરગઢ ઘટક

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વાતંત્ર્ય દિવસ ના અવસરે સમાજ વાડી માં ધ્વજવંદન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં મુખ્ય અતિથિ  આનંદપુર નિવાસી શ્રી પ્રાગજીભાઇ ભવાનભાઇ પઢિયાર તથા શ્રીમતી પુષ્પાબેન પ્રાગજીભાઇ પઢિયારના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ હતું.  સૌ પ્રથમ ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ શિવલાલ પરમાર, મહિલા મંડળ ઉપ પ્રમુખ શ્રીમતી દમયંતી બેન અશ્વિન ભાઈ ચાવડા તથા યુવક



મંડળ પ્રમુખ શ્રી શિવકુમાર શિવજી ભાઇ રાઠોડે પુષ્પ ગુચ્છ આપી તથા સાલ ઓઢાડી મુખ્ય અતિથિ નું સ્વાગત કર્યું હતું.

★ માનસિક સ્વાસ્થ્ય ★ પિઅર પ્રેશર (સામાજીક/મિત્રોનું દબાણ) ★ સમાજ તરીકે બાળકો માટેની આપણી જવાબદારી ★ માં-બાપ તરીકે બાળકોની કઇ રીતે સંભાળ લઇ શકીએ ? ★ ૧૩ થી ૧૮ વર્ષના બાળકોની સંભાળ ★ બાળકોના સર્વાંગી વિકાસની અવનવી ટીપ્સ. આમ, હાલના સમયમાં બાળકોના સ્વસ્થ ઉછેર માટેના ચિંતક અને અવરોધ સમાન પરિબળોનો સામનો તેનો ઉછેર કરનાર માતા-પિતા અને પરિવારજનો કઇ રીતે કરી શકે તેનું બહુમુલ્ય માર્ગદર્શન ડૉ. યુક્તિબેન દ્વારા આપવામાં આવેલ હતું તેમજ આવેલ પ્રશ્નોનો પણ તેમણે જવાબ આપીને નિરાકરણ કરેલ હતું.

સંસ્કાર શિબિર સમિતિના અધ્યક્ષા શ્રીમતી રોહિણીબેન કિરીટભાઇ ચૌહાણે સૌનું અભિવાદન કરેલ હતું. તેમની સાથે આ સમિતિના મંત્રીશ્રીઓ શ્રીમતી પ્રિતીબેન વરૂ, શ્રીમતી આશાબેન ચૌહાણે આભારદર્શન કરેલ હતું. શ્રીમતી મેઘાબેન પરમાર તથા શ્રીમતી તારાબેન ટાંકે સેમીનારના પ્રચાર-પ્રસાર અને આયોજનની વ્યવસ્થા સંભાળેલ હતી.

- શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ - મહામંત્રી

## કુકમા મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કુકમા મહિલા મંડળ દ્વારા તારીખ ૨-૮-૨૦૨૪ ના સમાજવાડી મધ્ય એક મ્યુઝિકલ અંતાક્ષરી વીથ હાઉસી રમાડવાનું આયોજન કરેલ હતું આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શોભનાબેન જે ટાંકના નેતૃત્વ હેઠળ યોજવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ગામના સરપંચ રસીલાબેન રાઠોડ તેમજ મહિલા મંડળના હોદ્દેદારો સર્વ કારોબારી ટીમે જહેમત ઉઠાવી હતી અને







કાર્યક્રમનું સંચાલન સફળતાપૂર્વક કરેલ હતું.

આ કાર્યક્રમ શુભ શરૂઆત પ્રભુ પ્રાર્થના કરી મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું તેમજ પધારેલ મહેમાનોને અર્ચનાબેન પરમાર હાર્દિક સ્વાગત કરેલ હતું. ત્યારબાદ બહેનોને ઉપયોગી સ્વાસ્થ્ય માર્ગદર્શન નીતાબેન દિલીપભાઈ પરમાર દ્વારા સારું એવી માહિતી બહેનોને આપવામાં આવેલ હતી. ત્યારબાદ અંતાક્ષરી યોજવા માટે ભુજના હેતલબેન ગોર તથા તેમના સાથે બહેનોએ ગરબા, જુના ગીતો તેમજ હાઉસી રમાડી ખૂબજ સરસ મનોરંજન પૂરું પાડેલ હતું અને જે વિનર થયા તેમને ઇનામો આપી પ્રોત્સાહીત કરેલ તેમજ કાર્યક્રમની અંતમાં અલ્પાહાર લઈ અને છૂટા પડેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા મંડળ ના હોદ્દેદારો, યુવતી મંડળના પ્રમુખ આનંદીબેન ચૌહાણ, જાનવીબેન વરુ તથા અન્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા મહિલા મંડળના સલાહકાર ભાનુબેન પરમાર, અનસુયાબેન પરમાર ભાવનાબેન પરમાર, ભાવનાબેન ચૌહાણ અર્ચનાબેન પરમાર, લલીતાબેન વરુ તેમજ મહિલા મંડળની પુરી કારોબારી ટીમ દ્વારા કાર્યક્રમને સફળ બનાવેલ હતું તેમજ હવે પછીના આયોજન માટે ચર્ચા કરવામાં આવી. અંતમાં આભાર વિધિ કરી અને કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ. કુકમા મહિલા મંડળ દ્વારા પ્રવાસ તારીખ ૧૦ -૮-૨૦૨૪ ના રોજ એક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ જેમાં કચ્છના રમણીય સ્થળો જેવા કે કડિયાધ્રો, વીચેશ્વર મહાદેવ, હનુમાન ટેકરી, કોડકી ગંગા તેમજ ભુજ સ્વામિનારાયણ મંદિરના હિંડોળાના દર્શન કરી શ્રાવણ માસમાં ખુબ જ સુંદર વર્ષાઋતુને પ્રકૃતિનો આનંદ માણ્યો હતો. પ્રવાસ સમિતિના પ્રયત્નથી આ પ્રવાસમાં ભજન કીર્તન દ્વારા આનંદ માણેલ. આ પ્રવાસમાં ૫૬ જેટલી બહેનો જોડાયેલા હતા.

## વડોદરા મહિલા મંડળ




પ્રમુખ શ્રીમતી દર્શનાબેન પરમારના અધ્યક્ષસ્થાને વડોદરા મહિલા મંડળના નોંધાયેલ સભ્ય બહેનોની વાર્ષિક સામાન્ય સભા સમાજ ભવન ખાતે સાંજે ૩.૩૦ કલાકે તા. ૨૮-૦૭-૨૦૨૪ના રોજ યોજવામાં આવી હતી. દિપ પ્રાગટ્ય તથા પ્રભુ પ્રાર્થના બાદ મંત્રી શ્રીમતી નયનાબેન ટાંકે સૌને આવકાર્યા તથા મીટીંગનો એજન્ડા જણાવ્યો હતો.

રાબેતા મુજબ ગત વર્ષે રામશરણ પામેલ બહેનોને શોકાંજલી આપ્યા બાદ મંત્રી નયનાબેન ટાંકે ગત વર્ષની મીટીંગની મિનિટ્સનું વાંચન કર્યું, ખજાનચી શ્રીમતી પલ્લવીબેન ચાવડાએ તથા આંતરિક ઓડીટર સોનલબેન સોલંકીએ હિસાબની રજુઆત કરી, તથા ફી વધારાનો મુદ્દો મુક્યો હતો અને સૌની બહાલી મેળવી હતી. ઉપપ્રમુખ મનિષાબેન ચાવડાએ ગત વર્ષની પ્રવૃત્તિઓના અહેવાલનું વાંચન કર્યું. પ્રમુખ સ્થાનેથી બોલતાં પોતાના ઉદ્બોધનમાં પ્રમુખશ્રીમતી દર્શનાબેન પરમારે સૌને સમાજસેવાના કાર્યમાં તન, મન, ધનથી સાથ-સહકાર આપવાની અપીલ કરી હતી.

રાબેતા મુજબની ઉપરોક્ત કાર્યવાહી બાદ એક




માહિતિસભર જ્ઞાનવર્ધક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત સમાજનાં ૨૦ વર્ષથી ઉપરની વયના સભ્યો માટે કુમારી ઝીલ ડાંગર દ્વારા મોબાઇલ અવેરનેસ ટૉક દ્વારા ''પ્રોપર યુઝ ઓફ મોબાઇલ વીથ સેફ્ટી'' વિષય પર સુંદર ગાઇડલાઇન આપવામાં આવી હતી તથા શ્રી વિશાલભાઇ કુલકર્ણી દ્વારા ગવર્નમેન્ટ ઇન્સેન્ટીવ સ્કીમઝ ફોર સ્ટાર્ટઅપ ફંડીગ ઓપશન ફોર ન્યુ બિઝનેસ ઇન્ટરપ્રીનીયર્સ અને સ્પેશીયલ ઇન્એન્ટાઇઝ ફોર વુમન ઇન્ટરપ્રીનીયર્સ વિષયો પર પ્રોજેક્ટર દ્વારા ગાઇડલાઇન આપવામાં આવી હતી. ઉપરોક્ત આયોજનમાં ઘટક પ્રમુખ - મંત્રી, અન્ય હોદ્દેદારો તથા યુવા મંડળ પ્રમુખ - મંત્રી તથા અન્ય હોદ્દેદારો તરફથી સંપૂર્ણ સાથ-સહકાર સાંપડ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહીને સમાજ બંધુઓએ ઉપરોક્ત વિષયનો લાભ લીધો હતો તથા પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો. આગંતુક મહેમાન પ્રવચનકર્તાઓને મહિલા મંડળ તરફથી સુંદર સ્મૃતિ ચિન્હ આપવામાં આવેલ. મહિલા મંડળ દ્વારા સ્વાદીષ્ટ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## કચ્છ પ્રા. મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા તારીખ ૧૫-૭-૨૦૨૪ સોમવારના રોજ કચ્છના તમામ હોદેદારશ્રીઓ તથા કચ્છ પ્રાદેશિક અંતર્ગતના દરેક મહિલા મંડળના પ્રમુખ તથા મંત્રીશ્રીઓનો શુભેચ્છા મિલન કાર્યક્રમ મહિલા પ્રાદેશિક સમિતિના સલાહકાર, શ્રીમતી નીતાબેન વિનોદભાઈ સોલંકી માધાપરના સ્નેહમય નિમંત્રણથી તેમના ગંગેશ્વર રોડ મધ્ય આવેલ સીતારામ ફાર્મ હાઉસમાં રાખવામાં આવેલ હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કચ્છ મહિલા પ્રાદેશિક સમિતિનાપ્રમુખ શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં મહિલાઓને ઉપયોગી એવા કાર્યોની ચર્ચા સામાજિક પ્રશ્નોની ચર્ચા તેમજ દરેક આવેલ બહેનો પાસેથી દાદીમાનું વૈદુ તેમજ હેલ્થ ટિપ્સ તથા પૂર્વજો પાસેથી મળેલ સંસ્કારો સ્મરણ બહેનો પાસેથી જાણવા મળ્યું તેમ જ રમત ગમત અને મનોરંજન કાર્યક્રમમાં ની મજા માણેલ હતી સાથે સાથે બહેનોએ સ્વિમિંગ પૂલમાં આનંદ લીધેલ હતો બપોરના સ્વાદિષ્ટ ભોજન કર્યા બાદ ભુજના રચનાબેન શાહ દ્વારા મ્યુઝીકલ હાઉસિંગ વિથ સંગીતનું કાર્યક્રમ માણેલ હતો. સર્વે બહેનોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમની મજા માણેલ હતી. ત્યારબાદ મહિલા સમિતિ દ્વારા શ્રીમતી નીતાબેન વિનોદભાઈ સોલંકી ને સાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરેલ હતું અને નીતાબેન દ્વારા મહિલા પ્રમુખ શ્રીમતી રીટાબેનનું પણ સાલ ઓઢાડી અને સન્માન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સર્વે ટીમનો

સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો શ્રીમતી રીટાબેન ચૌહાણના નેતૃત્વ હેઠળ સારા એવા કાર્યો થઈ રહ્યા છે હાલમાં જ એક નિબંધ સ્પર્ધાનું યોજવામાં આવેલ હતી. જેનો વિષય હતો જીવનમાં વિચારોનું મૂલ્ય સારી એવી કચ્છની બહેનો, અભ્યાસ સ્પર્ધામાં ભાગ લીધેલ અને નંબર પ્રાપ્ત કરેલ હતો તેમજ અખિલ ભારતીય મહિલા મહામંડલના સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, વરિષ્ઠ ઉપપ્રમુખ પુષ્પાબેન ટાંક, નારી રત્ન શ્રીમતી કંચનબેન જેઠવા, ઉપપ્રમુખ મીનાબેન વેગડ, ચેર પર્સન ઇલાબેન ચાવડા, મહામંત્રી ઉષાબેન ચૌહાણ, ઉપપ્રમુખ તારાબેન ટાંક, સવિતાબેન ચૌહાણ, શારદાબેન રાઠોડ તેમજ નયનાબેન ચૌહાણ એ વ્યવસ્થા સંભાળેલ હતી તેમજ પૂરી ટીમના સાથ અને સહકારથી આ કાર્યક્રમ ખૂબ જ સુંદર અને આયોજન સફળ થયેલ હતું. અંતમાં સર્વેનો આભાર વ્યક્ત કરી અને કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ.

## રાજનાંદગાંવ મહિલા મંડળ



રાજનાંદગાંવ મહિલા મંડળ દ્વારા આજે સમાજ ભવનમાં મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં ૧ જુલાઇ ડૉક્ટર દિવસના ઉપલક્ષમાં આદ. ડૉ. ઉત્તમભાઇ સુદર્શનભાઇ ચાવડા અને ડૉ. જય રમેશભાઇ ટાંકનું સન્માન કરવામાં આવ્યું અને સાલ અને શ્રીફળ અને અશોકનું ઝાડનો પૌધો આપીને સ્વાગત અને સન્માન કરવામાં આવેલ. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી હિનાબેન ઇશ્વરભાઇ રાઠોડ ડૉકટરના બારામાં જાણકારી પણ આપી અને સાથે મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ પરમાર અને ઘટક પ્રમુખશ્રી ઇશ્વરભાઇ રાઠોડ અને ટ્રસ્ટ પ્રમુખ શ્રી રાજેશભાઇ અને સર્વે સાથે ઘટકના પદાધિકારીઓની ઉપસ્થિતિ હતી અને સાંજે સ્વલ્પાહાર સાથે મીટીંગ પછી આ કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવેલ.



## રાયગઢ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયગઢ મહિલા મંડળની સામાન્ય સભા તા. ૨૪-૭-૨૦૨૪ના હનુમાન મંદિર પ્રાંગણમાં બહેનો દ્વારા સામુહીક રીતે રાખવામાં આવી હતી. બેઠકના સંયોજક ગં.સ્વ. વિજ્યાબેન ટાંક, ગં.સ્વ. દમયંતીબેન જેઠવા, પ્રીતીબેન જેઠવા અને દિમીબેન જેઠવા હતા. બેઠક આરંભ થવા પહેલા હનુમાન મંદિર પરિસરની સાફ-સફાઇ ઉપસ્થિત બહેનો દ્વારા કરવામાં આવી હતી. ગણેશવંદના કરવામાં આવી ત્યાર





બાદ રાયગઢ ઘટકના દિવંગત સભ્યો માટે મૌન ધારણ કરીને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. પ્રમુખ શ્રી દ્વારા જુલાઇ માસના તહેવારોની રોચક માહિતિ આપવામાં આવી હતી. બહેનોના મનોરંજન માટે હાઉઝી અને ગેમ પણ રમાડવામાં આવ્યા. આયોજક બહેનો દ્વારા અલ્પાહારની વ્યવસ્થા હતી. છેલ્લે આભાર પ્રદર્શન સાથે બેઠક પૂર્ણ થઇ હતી.

## ભાટાપારા મહિલા મંડળ

ઘટકની ઉદ્યમી મહિલાઓ શ્રીમતી તૃપ્તિ વાઢેર, શ્રીમતી સપના ચૌહાણ, શ્રીમતી કોમલ ચૌહાણ અને શ્રીમતી સુનિતા રાઠોડનું સન્માન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રતિયોગીતાનું આયોજન



ભાટાપારા મહિલા મંડળ દ્વારા જાન્યુઆરી મહિનામાં મકરસંક્રાતિના ઉપલક્ષમાં ખીચડાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળ દ્વારા ભ્રમણના કાર્યક્રમમાં રજીમ વ ચંચારણ ભ્રમણનું આયોજન રાખવામાં આવેલ. જેમાં બહેનોએ ખુબજ આનંદ પ્રાપ્ત કરેલ. ફેબ્રુઆરી મહિનામાં વસંતપંચમીની ઉજવણી કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં કરવામાં આવ્યું હતું. માર્ચ મહિનામાં હોળી મિલન ઉત્સાહ અને ઉમંગ સાથે શ્રી કૃષ્ણની સખીઓ બની ઉજવવામાં આવ્યું. ગરમીમાં બાળકો માટે સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડ્રોઇંગ, આર્ટસ એન્ડ ક્રાફ્ટનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જુલાઇ વર્લ્ડ ડૉક્ટર ડેના ઉપલક્ષમાં ઘટકના ડૉક્ટર શ્રી દિપેશ સોલંકીનું સન્માન કરવામાં આવ્યું હતું.

## માધાપર મહિલા મંડળ

આવેલ. પૂજાબેન પરમાર દ્વારા યાદશક્તિ કેળવાય તેવી હાથની વિવિધ કસરત બતાવવામાં આવેલ. ટ્વીસ્ટેડ સંગીત ખુરશીની ગેમ રમાડવામાં આવેલ. જેમાં બહેનોને ખુબજ આનંદ આવેલ.






માધાપર મહિલા મંડળ દ્વારા તા. ૨૭-૭-૨૪, શનિવારના રોજ પ્રમુખ શ્રીમતી તારાબેન આર. ટાંકની અધ્યક્ષતામાં સામાન્ય સભા રાખવામાં આવેલ હતી. બહેનો દ્વારા સામાજીક વિષય આધારીત એકપાત્રીય અભિનયની રજુઆત કરવામાં અન્ય એક માચીસની ગેમ પણ રમાડવામાં આવેલ. ભાગ લેનાર બહેનોને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. બહોળી સંખ્યામાં બહેનોએ હાજરી આપી અને અલ્પાહાર બાદ સૌ છુટા પડ્યા હતા.

# રાયપુર મહિલા મંડળ




ખુબજ હર્ષની વાત છે કે શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાયપુર મહિલા મંડળ સમર્પણ સંગઠનના સાથે સેવાના ૫૦ વર્ષ પૂર્ણ કરતા સ્વર્ણિમ વર્ષનું શુભારંભ જન કલ્યાણ કાર્ય ''નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ' કેમ્પ સાથે સમાજભવનના પ્રાંગણમાં તારીખ ૨૭ જુલાઇ, શનિવારના રોજ કરવામાં આવેલ. આ શિબિરનું ઉદ્‌ઘાટન માનનીય મંચસ્થ અને ડૉક્ટર્સ સાથે કરવામાં આવેલ.

પ્રભુ પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય કરી કંકુ-ચોખાથી તિલક કરી પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ બધાએ સ્વાસ્થ્ય શિબિરનો લાભ લીધેલ. ડૉક્ટર્સ અને એમના સહયોગી ટીમને સવારનો નાસ્તો, ચા અને બપોરનું જમવાનું આપવામાં આવેલ. આપણા અતિથિ અને મંડળની સહયોગી બહેનોને પણ નાસ્તો આપવામાં આવેલ.

પર્યાવરણને ધ્યાનમાં રાખતા બધા ડૉક્ટર્સ અને એમના સહયોગીઓનું પૌધો આપી એમનું આભાર વિધિ સંપન્ન કરવામાં આવેલ. બધાની ગરિમામયી ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ ખુબજ સારી રીતે સંપન્ન થયેલ.

૧૮ જુલાઇની મીટીંગમાં આપણી માતૃભાષાને ધ્યાનમાં રાખતા ગુજરાતી સુલેખનની સ્પર્ધા રાખવામાં આવેલ. જેમાં



બહેનો સારી સંખ્યામાં ભાગ લીધેલ. બધાને ગુજરાતી લખવા માટે પ્રોત્સાહીત કરવામાં આવેલ. ગુજરાતી સુલેખન સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતિય ઇનામ આપવામાં આવેલ. જેમાં પ્રથમ - શ્રીમતી જ્યોત્સનાબેન સુધીરભાઇ ટાંક, દ્વિતીય - શ્રીમતી સૃષ્ટિબેન રાજેન્દ્રભાઇ ચૌહાણ, તૃતિય - શ્રીમતી તરલાબેન હેમંતભાઇ ચાવડા રહેલ હતા.

# મુંબઇ મહિલા મંડળ (પ.)





તા. ૧૩ એપ્રિલના મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા બાળકો માટે ગ્રીષ્મોત્સવ શિબિર, શ્રીમતી ભાગીરથીબેન ટાંકના ઘરે રાખવામાં આવેલ. જેમાં નાના-મોટા સર્વે બાળકોએ ખૂબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સર્વપ્રથમ પ્રભુ પ્રાર્થનાથી શરૂઆત કરવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં પડવાના હિસાબે 'ગુડી' તૈયાર કરવામાં આવેલ. ભાગીરથીબેનના પરિવાર તરફથી સુંદર ગુડી તૈયાર કરવામાં આવેલ હતી. સૌ બહેનોએ એકબીજાને નવા

વર્ષની શુભકામના તેમજ ચૈત્ર નવરાત્રી શુભેચ્છા આપી હતી. ત્યાર પછી બાળકોના શિબિરની શરૂઆત કરવામાં આવેલ. બાળકો તેમજ એમને શીખવાડવા વાળા બહેનો સહુ ખૂબજ ઉત્સાહિત હતા. શિબિરમાં બાળકોને જ્યોતિબેન ચાવડાએ વિવિધ પ્રકારની ચોકલેટ બનાવતા શીખવાડી. તેમજ રોમાબેન પરમારે કોલાજ પેપર આર્ટ શીખવાડ્યું. દીપાંશ્રી ચાવડાએ આઇસ્ક્રીમ સ્ટીકની ફોટો ફ્રેમ શીખવાડી હતી. સર્વે બાળકોએ બધાજ આર્ટીકલ ખુબ મજા લઇને બનાવ્યા હતા. ત્યાર પછી વૈશાલીબેન રાઠોડે તેમને ગેમ રમાડી હતી. સર્વે બાળકો ખુબજ આનંદિત હતા.

ત્યાર પછી નેહાબેને બાળકોને મનગમતી વાનગી બનાવીને ખવડાવી સાથે ઉપસ્થિત મંડળની બહેનોને પણ નાસ્તો આપેલ. અંતે ભાગિરથીબેન ચેતભાઇ તેમજ નેહાબેનનો આભાર માનવામાં આવી સૌ છુટા પડ્યા હતા.

## નાગપુર મહિલા મંડળ

તા. ૭-૮-૨૪ના રોજ નાગપુર મહિલા મંડળ દ્વારા શ્રીમતી વંદનાબેન સંજયભાઇ ચાવડાના નિવાસ સ્થાને શ્રાવણ માસમાં હરિયાલી ત્રીજ મનાવવામાં આવેલ હતી. તેમાં રાખી પ્રતિયોગીતા રાખવામાં આવેલ. જેમાં ઘણી બહેનોએ ભાગ લીધો હતો. પ્રથમ - કિંજલબેન ચાવડા, દ્વિતીય - પારૂલબેન ચાવડા, તૃતિય - કરિશ્માબેન ચૌહાણને આપવામાં આવેલ હતું. ત્યાર બાદ સાવન-ઝુલાનો પ્રોગ્રામ રાખ્યો હતો. જેમાં બહેનોએ ઝુલા ઝુલીને ખુબજ આનંદ માણ્યો હતો. પછી હાઉઝી ગેમ



રાખવામાં આવી હતી. ત્યાર બાદ અલ્પાહારની વ્યવસ્થા મહિલા મંડળ દ્વારા કરવામાં આવી હતી.

## કોરબા મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કોરબા મહિલા મંડળ દ્વારા તા. ૯-૮-૨૪, શુક્રવારના ડેક્સી રેસ્ટ્રોના રૂફટોપ પર સાંજે ૪.૦૦ વાગ્યે સાવન મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત મંચમાં અતિથિઓ અને વિશેષ આમંત્રીત પ્રતિનિધિઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ. ત્યાર બાદ સુશ્રી નીતાબેન ગોપાલભાઇ ચૌહાણ તરફથી ગણેશવંદના રજુ કરવામાં આવેલ.સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત હીર રાઠોડ અને ઇશિતા વેગડ દ્વારા નૃત્ય કરવામાં આવેલ. કાર્યક્રમમાં વિશેષ રૂપે વડીલો દ્વારા નૃત્ય પ્રસ્તુત કરવામાં આવેલ. જેમાં તારાબેન, ચંપાબેન અને સુનીતાબેન ટાંક દ્વારા નૃત્ય પ્રસ્તુત કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન જુહીતાબેન ચાવડા અને દીપીકાબેન ટાંક દ્વારા વિભિન્ન ગેમ રમાડવામાં આવેલ. જેમાં પ્રથમ નીતાબેન ચૌહાણ અને દ્વિતીય ચંપાબેન ટાંકને પુરસ્કૃત કરવામાં આવેલ.

વડીલોના વિશેષ ગેમમાં પ્રથમ લતાબેન રાઠોડ અને દ્વિતીય વર્ષાબેન પરમાર પુરસ્કૃત થયા હતા. કાર્યક્રમના અંતમાં સાવન ક્વીન અને હરિયાલી મહારાનીનું ચયન લક્કી ચીટ દ્વારા કરવામાં આવેલ. સાવન ક્વીન - શ્રીમતી તોષલ કપિલભાઇ ટાંક, હરિયાલી મહારાની - મમતાબેન ટાંક. સમસ્ત નૃત્યમાં ભાગ લેનાર અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર સમસ્ત પ્રતિયોગીઓને પુરસ્કૃત કરવામાં આવેલ. અંતમાં સમસ્ત સમાજની મહિલા સભ્યો દ્વારા સ્નેહભોજનું આનંદ લેવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં ડેક્સીના શ્રીમતી નિધીબેનનો આભાર મહિલા મંડળ મંત્રી દ્વારા વ્યક્ત કરવામાં આવેલ.

## આદીપુર મહિલા મંડળ





આદિપુર મહિલા મંડળની મીટીંગનું આયોજન તા. ૬-૭-૨૪ના રોજ શ્રીમતી કોકીલાબેન ગોહીલના ઘરે કરવામાં આવેલ. હનુમાન ચાલિસાના પાઠ, લક્કી ડ્રો અને ત્યાર બાદ વન મિનિટ ગેમ રમેલ. કોકીલાબેન ગોહિલ તરફથી ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ હાઉઝી ગેમ રમેલ અને અંતાક્ષરી રમેલ. ત્યાર બાદ અલ્પાહારની લીજ્જત માણી સૌ છુટા પડેલ. અ.ભા.મ. મહામંડળ આયોજીત યોગ સ્પર્ધામાં આદીપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનીતાબેન નીતીનભાઇ ટાંકને પાંચમું ઇનામ પ્રાપ્ત થયેલ. અ.ભા.મ. મહામંડળ આયોજીત ચિત્રકલા સ્પર્ધામાં તેમજ કચ્છ પ્રા.મ.મંડળ દ્વારા આયોજીત નિબંધ સ્પર્ધામાં આદિપુર ઘટકના શ્રીમતી ગુંજનબેન આનંદ વાઘેલાને પુરસ્કૃત કરવામાં આવેલ.

## બિલાસપુર મહિલા મંડળ



બિલાસપુર મહિલા મંડળના સભ્ય બહેનોની માસિક મીટીંગ તા. ૨૯-૦૭-૨૦૨૪, સોમવારે સમાજ ભવનમાં યોજાયેલ હતી. પ્રમુખ શ્રીમતી ભારતીબેન યોગેનભાઇ રાઠોડના અધ્યક્ષ હેઠળ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ પ્રથમ હોસ્ટ શ્રીમતી રીતુબેન ચૌહાણ, ભારતીબેન ચૌહાણ અને ઉર્મિલાબેન સોલંકી ત્રણે બહેનોએ શ્રાવણ મહિનાનો સોમવાર હોવાથી શિવજીના ભજનો ગાઇને કરી. ત્યાર બાદ મંત્રી શ્રીમતી મીનાબેન ચૌહાણે ગત મીટીંગનું વાંચન કરી આવતા મહિનાની ચીટ નિકાળી, પચ્યુલીટી નિકાળી. હાઉઝી હોસ્ટ દ્વારા રમાડી સાથે બે ગેમ પણ રમાડી વિજેતા બહેનોને ગીફ્ટ આપેલ.

આ વખતના ઇવેન્ટમાં અમે લોકોએ બ્યુટીશન પ્રીતીબેન હિતેશભાઇ ચૌહાણ જેઓ પોતાનું બ્યુટીપાર્લર ચલાવે છે તેમને બોલાવેલ. તેઓએ હેયર-કેયર અને સ્કિન કેયરની ઉપયોગી ટીપ્સ આપી સાથે ચહેરા માટે પણ એક્સરસાઇઝ કરીને બતાવી હતી. તેમને મહિલા મંડળ દ્વારા પૌધો આપી સન્માન કરવામાં આવેલ. હોસ્ટ દ્વારા અલ્પાહાર બાદ રાષ્ટ્રગાન કરી સર્વે બહેનો છુટા પડ્યા હતા.



## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ



હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા તા. ૨૦-૦૭-૨૦૨૪, શનિવારે મહિલા મંડળ સહમંત્રી શ્રીમતી રક્ષાબેન તુષારભાઇ ટાંકના ઘરે મીટીંગ રાખવામાં આવી હતી. શ્રી હનુમાન ચાલિસા, ગાયત્રી મંત્રથી મીટીંગની શરૂઆત કરી. રક્ષાબેન દ્વારા હરા રંગની સાડી યા સૂટ થીમ અને ખુબ સરસ પ્રતિયોગીતા આયોજીત કરવામાં આવ્યો હતો.

૭૫ બહેનોએ ખુબ સુંદર તૈયાર થઇને હાજરી આપી હતી. પ્રતિયોગીતામાં આભુષણ કલેકશન, માચીસની ડબ્બીમાં હરા રંગની વસ્તુઓ લાવવાનું, બોલીવુડ સોંગ ભજન એક મિનિટમાં વધુમાં વધુ ગાવાનું, કિશોરકુમારના સોંગ કરાઓકે સાથે બધા બહેનોએ મળીને ગાયા, ગ્રુપ ગેમ, બોલીવુડ સોંગમાં રીલ બનાવી, રીલ થ્રુ ગેમ, તંબોલા મહિલા મંડળએ રમાડ્યું, હરિયાલી ક્વીન ચુનવામાં આવી અને ગરબા કર્યા. રક્ષાબેન દ્વારા પ્રતિયોગીતા અને ગેમના વિજેતા બહેનોને ખુબ સારા પ્રાઇઝ અને સરપ્રાઇઝ ગીફ્ટ આપવામાં આવ્યા. સ્વાદિષ્ટ અલ્પાહારનો આનંદ માણી સૌ છુટા પડ્યા હતા.

## કુમ્હારી મહિલા મંડળ





કુમ્હારી મહિલા મંડળ દ્વારા તા. ૧૩-૦૮-૨૦૨૪ના શ્રાવણ માસમાં હરેલી ઉત્સવ મનાવવામાં આવેલ. જેમાં ડ્રેસ કોડ લીલો રંગ રાખેલ. ગણેશ વંદના કરી કાર્યક્રમની શરૂઆત કરતા બધાએ ઝુલા ઝૂલી આનંદ મેળવેલ. પછી બાળકો તથા બહેનો દ્વારા એકલ તથા ગ્રુપ ડાન્સનો કાર્યક્રમ રાખવામાં આવેલ. બહેનો દ્વારા હરા રંગની મીઠાઇ બનાવીને લાવવાનું હતું. જેમાં બહેનોએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. ભાગ લેનાર સર્વે બહેનો અને બાળકોનો ઉત્સાહ વધારવા પુરસ્કાર આપવામાં આવેલ. કાર્યક્રમને આગળ વધારતા પ્રશ્નોતરી તથા હાઉઝી રમાડવામાં આવી હતી. રાષ્ટ્રીય ગીત તથા સ્વલ્પાહાર બાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ.

## રાંચી મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાંચી મહિલા મંડળ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં તા. ૧૦-૮-૨૪, શનિવારના દિવસે સ્થાનીય ગુજરાતી સ્કુલનાં પ્રાંગણમાં સાવન ક્વીન પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતિયોગીતામાં બહેનોને ગ્રીન સાડી અને ગ્રીન પાંદડાના દાગીના ઘરેથી બનાવીનને પહેરીને આવવાનું હતું. નિર્ણાયક મંડળ દ્વારા સાવન ક્વીન પ્રથમ - શ્રીમતી રીતાબેન પરમાર, દ્વિતીય - શ્રીમતી બબીતાબેન વાઢેર, તૃતિય - શ્રીમતી હંસાબેન વાઢેરને આપવામાં આવેલ હતું. સથે કીટી પાર્ટી અને ગેમ પણ રાખવામાં આવેલ. અલ્પાહાર શ્રીમતી હેમાબેન રાઠોડ અને શ્રીમતી સાધનાબેન રાઠોડ તરફથી હતું. કાર્યક્રમનું સંચાલન મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મંગલાબેન રાઠોડ અને શ્રીમતી ઝરનાબેન પરમાર પ્રમુખ કોલફીલ્ડ મહિલા પ્રાદેશિક દ્વારા કરવામાં આવ્યું હતું.

## અંજાર વરૂ-પરમાર ગોઠી ભાઈઓ જોગ

જયશ્રી માં ત્રુઠીયાણ માં, કુળદેવી માં ચામુડા માં તથા માં હરસિદ્ધી માતાજીની પરમ કૃપાથી વરૂ-પરમાર ગોઠી ભાઇઓને જણાવવાનું કે, આપણા કુળદેવી માતાજીના સ્થાનકે **નવરાત્રી નિમિત્તે આસો સુદ નોમ, તા. ૧૨–૧૦–૨૦૨૪, શનિવારના માતાજીના હોમ–હવન, નિવેદ તથા સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.** જે ગોઠી ભાઇઓ હવનમાં બેસવા ઇચ્છતા હોય તેમણે નીચે દર્શાવેલ સંપર્ક સુત્રોનો સંપર્ક કરવો. **મહાપ્રસાદના મુખ્યદાતા શ્રી દિનેશભાઇ નારાયણભાઇ વરૂ (ઇડલીવાળા) – દુર્ગ છે.** માતાજીના સ્થાનકે અખંડ દીવો કરવામાં આવશે. સર્વે ગોઠીભાઇઓને હવનદર્શન અને સમુહ પ્રસાદનો લાભ લેવા નિમંત્રણ છે. સમગ્ર આયોજન કુળદેવી માતાજીના સ્થાનક પ્લોટ નં. ૨૪, ખેતરપાળ-૩, અંજાર મધ્યે કરવામાં આવેલ છે.


**પ્રમુખ – પ્રતિક દિપકભાઇ વરૂ – ૯૭૨૫૬૯૯૭૧૧**
**મંત્રી – કામેશ ખુશાલભાઇ વરૂ – ૯૯૨૪૬૧૪૧૧૯**

## "કાગળ"



| | |
|---|---|
| બાળકનો જન્મ થયો તારીખ લખે | કાગળમાં |
| છઠ્ઠે દિવસે વિધીના લેખ લખાય છે એ પણ | કાગળમાં |
| ખુશી ખબર પહોંચાડોને વધામણીનો પત્ર આવે એ પણ | કાગળમાં |
| સ્કુલમાં દાખલો કરાવીએ એ પણ | કાગળમાં |
| છોકરાવ સ્કુલમાં ચોપડીને નોટબુક વાપરે એ પણ | કાગળમાં |
| પેલીથી લઇને પી.એચ.ડી.ની ડીગ્રી મળે એ પણ | કાગળમાં |
| મીઠાઇને ગીફ્ટ મળે એ બોક્સ પણ | કાગળમાં |
| વર્તમાન પત્રમાં સમાચાર વાંચીએ એ પણ | કાગળમાં |
| ગીતા, રામાયણ, મહાભારત વાંચીએ એ પણ | કાગળમાં |
| પેલા કિરાણાનો સામાન બંધાતો એ પણ | કાગળમાં |
| કુલહાર આજે પણ મળે છે પડીકામાં એ પણ | કાગળમાં |
| વર્ષ ભરનું કેલેન્ડને પંચાંગ મળે એ પણ | કાગળમાં |
| પ્રધાનમંત્રી શપથ વિધી વાંચે એ પણ | કાગળમાં |
| પ્રધાનમંત્રી બન્યાની સહી કરે એ રજીસ્ટર પણ | કાગળમાં |
| પૈસાનો આર્થિક વ્યવહાર થાય એ પણ | કાગળમાં |
| બીલને વસિયત સાચવવા ફાઇલ મળે એ પણ | કાગળમાં |
| શ્રાવણમાં પત્તાને પૈસાની રમઝટ થાય એ પણ | કાગળમાં |
| સુખ-દુઃખના સમાચાર મળે એ પણ | કાગળમાં |
| પહેલા સીરીયસ કે મરણનો તાર મળતો એ પણ | કાગળમાં |
| છેવટે અગ્ની સંસ્કાર માટે પ્રમાણપત્ર મળે એ પણ | કાગળમાં |
| મેં આ કવિતા લખી અને છાપીને આવશે એ પણ | કાગળમાં |

કાગળ કહે આ છે મારી કથા, હવે તમને કહું મારી વ્યથા
મારા ઉપર શાહી ઢોળે, મને જલાવ્યા પણ કરે
મને ફાડીને કચરામાં પણ ફેંકે, હું કેટલો ઉપયોગી છું
મારૂં મહત્વ સમજો છો ? મને સાચવીને જ વાપરો
ઝાડ કાપવાનું ઓછું કરો, પર્યાવરણની સંભાળ કરો.
મારો દુરૂપયોગ નહિં, સદ્ઉપયોગ કરો.
એજ નમ્ર વિનંતી છે વિનંતી છે....



**સૌ. અરૂણા વિ. યાદવ**
**પુના**
**મો. ૯૯૨૨૪૪૬૧૨૬**




**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંક**

250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,

પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮

મો. 8007161696





**વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક**

૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)

મો. 8128948884,

E-mail : pdtank@gmail.com


**યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંકનો સંપર્ક કરવો.**

## ગુજરાત પ્રા. યુવા મંડળ



ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ દ્વારા ગત તા. ૪ ઓગષ્ટ ૨૦૨૪, રવિવારના રોજ શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ ગાય આધારીત સજીવ ખેતી સંશોધન અને વિસ્તરણ કેન્દ્રની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આદ. શ્રી ડૉ. મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી દ્વારા ગુજરાત પ્રા. યુવા મંડળ પ્રમુખ શ્રી નિલેશભાઇ પ્રતાપભાઇ સોલંકીને ટીમ સાથે શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટની મુલાકાતનું આમંત્રણ આપેલ હતું. જેના ભાગરૂપે આ મુલાકાત લેવામાં આવી હતી. ગુજરાત પ્રાદેશિકના સભ્યોએ વરસતા વરસાદ સાથે ત્રીજી તા. રાત્રે ટ્રેન મારફત પોતાના પ્રવાસની શરૂઆત કરી હતી અને ૪ ઓગસ્ટ ૨૦૨૪, રવિવારના વહેલી સવારે ભુજ સ્ટેશન પહોંચી ત્યાર બાદ ત્યાંથી કુકમા પહોંચ્યા હતા. કુકમા શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા સુંદર રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક સભ્યોએ તૈયાર થઇ અને સવારનો નાસ્તો લઇ ત્યાર બાદ ટ્રસ્ટના મેમ્બર શૈલેન્દ્રસિંહ જેઠવા દ્વારા દરેક વસ્તુની ખૂબજ ઝીણવટ ભરી માહિતી આપવામાં આવી હતી. જેમાં તેમણે પહેલાના સમયમાં થતી શૈલ્ય તથા ચિકિત્સા પદ્ધતિ વિશે અવગત કરાવ્યું અને ગાય આધારિત થતી ખેતી અને ગાયની પ્રોડક્ટો વિશેની માહિતિ આપી હતી. જેમાં છાણથી કેટ-કેટલી વસ્તુઓ બને છે અને એ કઇ રીતે બને છે એ પણ બતાવવામાં આવ્યું હતું. બપોરના ભોજન વિશ્રામ બાદ મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી ડૉ. મનોજભાઇ સોલંકીએ એમની જીવનશૈલી, એમના ટ્રસ્ટની શરૂઆતથી લઇ અને અત્યાર સુધીની સફર વિશે અવગત કરાવ્યા અને ખૂબ્જ વિગતમાં પર્યાવરણ, પ્રકૃતિ અને ગાય આપણા જીવનમાં કેટલા મહત્વપૂર્ણ છે એના વિશે માહિતગાર કર્યા. અંતમાં ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ શ્રી નિલેશભાઇ પ્રતાપભાઇ સોલંકી તથા મહામંત્રી શ્રી તુષારભાઇ હિમાંશુભાઇ ચાવડા તથા સમસ્ત


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫

મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**

**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી

**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

ટીમ દ્વારા શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીને શ્રી રામચંદ્રજી અને સીતાજીના જીવનચરિત્ર પર આધારીત સુંદર પુસ્તક ભેટ સ્વરૂપ આપી હતી. સાંજે સાત વાગ્યે ત્યાંથી છુટા પડ્યા. ગુજરાત પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખ શ્રી નિલેશભાઇ સોલંકીના નેતૃત્વ હેઠળ સંસ્થાની પ્રાકૃતિક, જ્ઞાનવર્ધક અને ઉપયોગી મુલાકાત બદલ સર્વે યુવા ભાઇ-બહેનોએ એમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## માધાપર યુવા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ માધાપર દ્વારા આયોજીત જય સીયારામ કપ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૧૬-૮-૨૪ના રાત્રે ૭.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી ૩ દિવસનું આયોજન આપણા સમાજના દર્શનભાઇ ટાંક પાવરપ્લે સ્પોર્ટસ ક્લબમાં કરવામાં આવ્યું હતું. જે મુખ્ય પ્રાયોજક મોહિતભાઇ વિનોદભાઇ સોલંકી, સહ પ્રાયોજક પાવર પ્લે સ્પોર્ટસ ક્લબ દર્શનભાઇ ટાંક તથા ચમનભાઇ માધવજી ચૌહાણ યુવા મંડળ હરહંમેશ કઇંક નવું જ આયોજન કરતા હોય છે એમાંનું બોક્ષ ક્રિકેટ જેમાં ટોટલ નાના બાળકોની ૭ ટીમ,


## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૩-૨૦૨૫ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**

Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૩-૨૦૨૫ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**

CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

બહેનોની ૭ ટીમ અને ભાઇઓની ૨૦ ટીમ. ટોટલ ૩૪ ટીમોએ ભાગ લીધો હતો.

ટોટલ ખેલાડીઓ ૨૦૪ ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. યુવા મંડળે બધા જ ખેલાડીઓને સમાજવાડીમાં બોલાવી અને સમાજવાડીમાં ટીમો બનાવી હતી. જેથી યુવાઓ નવા મિત્રોને મળે એકબીજા સાથે ભાઇચારો વધારે અને એકતા થાય એ ઉદ્દેશથી આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. યુવા મંડળે દરેક ટીમોના નામ પણ ભારતને આગ્રહ કરાવવા માટેના મહાપુરૂષોના નામ ઉપરથી ટીમોના નામ પાડવામાં આવેલ હતા જેથી યુવાઓમાં એ મહાપુરૂષોના ગુણો આવે અને સમાજ અને દેશ માટે પ્રેમ વધે. વિજેતા ટીમોને પણ પ્લાસ્ટીકની ટ્રોફીની જગ્યાએ રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમામાં ગોબરની મોમેન્ટો બનાવવામાં આવે છે એ આપી અને પુરસ્કારીત કરવામાં આવ્યા તથા નાના બાળકો જે ૪૨ બાળકો હતા તે બધાને આશ્વાસન રૂપી સ્માર્ટ ઘડીયાળ આપી અને સન્માનીત કરવામાં આવ્યા હતા. બાળકોમાં વિજેતા ટીમ રામપ્રસાદ બિસ્મીલ, ઉપવિજેતા - ચિતરંજન દ્વારા બહેનોમાં વિજેતા ટીમ - જીજાભાઇ, ઉપવિજેતા - રાણી લક્ષ્મીબાઇ, બેસ્ટ વુમન - નમ્રતાબેન હિરેન ચૌહાણ, બોલર - રિદ્ધી મનોજભાઇ ટાંક, બેસ્ટમેન - વૃંદા ધીરેનભાઇ ટાંક, ભાઇઓમાં વિજેતા ટીમ - મહારાણા પ્રતાપ, ઉપવિજેતા - બિરસા મુંડા, મેન ઓફ ધી સીરીઝ - યશ જીતેન્દ્રભાઇ પરમાર, બેસ્ટ બોલર - ન્મિષ દિલીપભાઇ ટાંક, બેસ્ટ બેટર - આરીષ સંજયભાઇ પરમાર રહેલા હતા. અમ્પાયરની સેવા - દર્શનભાઇ ટાંક, હર્ષભાઇ દિપકભાઇ રાઠોડ, યાજ્ઞીકભાઇ ચૌહાણ રહેલા હતા. સ્કોરીંગની સેવા - કેયુરભાઇ ટાંક, દેવેન્દ્રભાઇ ચૌહાણે આપી હતી.સમગ્ર સંચાલનમાં પ્રમુખ શ્રી ભરતભાઇ જે. રાઠોડ તથા મંત્રી શ્રી પાર્થભાઇ બી. ચાવડા તથા સમગ્ર યુવા મંડળની ટીમ આયોજનમાં મદદરૂપ થયા હતી.

આભારવિધી ઉપપ્રમુખ શ્રી પરાગભાઇ ચાવડાએ કરેલ હતી. પ્રોગ્રામમાં ઉપસ્થિતિમાં કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના મહાસભાના પ્રમુખ ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ પી. સોલંકી પ્રેરણાસ્ત્રોત રહ્યા હતા તથા માધાપર ઘટકના પ્રમુખ જયંતિલાલભાઇ વી. વાઘેલા, મહિલા મંડળના પ્રમુખ તારાબેન આર. ટાંક, યુવતી મંડળના પ્રમુખ નંદીનીબેન સોલંકી તથા મહાસભાના વ. ઉપપ્રમખ શ્રી ડૉ. મનોજભાઇ પી. સોલંકીએ યુવા મંડળના આ કાર્યની પ્રશંસા કરી અને અભિનંદન પાઠવ્યું હતું. એને યુવાઓને એકત્રીત કરવા આવા જ કાર્યક્રમો કરતા રહો તેવી પ્રેરણા આપી હતી.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમા







‘‘બેટી પઢાઓ... આગે બઢાઓ...’’ની ભાવના સાથે સંસ્થામાં દાખલ થનાર તમામ વિદ્યાર્થીનીઓને ભરવાની થતી ફીની રકમ ભરપાઇ કરવાની આજીવન જવાબદારી સોલંકી પરિવાર લેશે તેવી ઉદાર અને ઐતિહાસિક જાહેરાત પરિવારના મોભી તથા સંસ્થા અને રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ પી. સોલંકી દ્વારા અત્રેની બેઠકમાં કરવામાં આવેલ હતી. તેમની સાથે છાત્રાલયના હોદ્દેદારો વિનોદભાઇ ચૌહાણ, વિનોદભાઇ પઢિઆર, પ્રભુલાલ પરમાર, મોહનભાઇ ચૌહાણ, અનસુયાબેન પરમા તથા પ્રાદેશિક પ્રમુખ બાબુભાઇ ચૌહાણે દીપ પ્રાગટ્ય કરેલ હતું. ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ સોલંકીએ બેઠકને સંબોધતાં જણાવેલ કે દિકરીઓએ સમાજનું ગૌરવ છે. છાત્રાલયની વ્યવસ્થા અભ્યાસની સાથે તેમનામાં સામાજીકતા અને સંસ્કારોનું સિંચન કરે છે. છાત્રાલયમાં દાખલ થતી તમામ વિદ્યાર્થીનીઓ તથા તેમના વાલીઓ આર્થિક બોજથી મુક્ત બને તેવા ઉમદા હેતુથી તેમણે પોતાના પરિવાર દ્વારા ફીના ખર્ચની આજીવન જવાબદારી ઉપાડવા સાથે અન્ય આનુસંગિક શૈક્ષણિક ખર્ચ ઉપાડવાની જાહેરાતને તાડીઓથી વધાવવામાં આવેલ હતી. આ પ્રસંગે દાતા શ્રીમતી કલાબેન પ્રભુલાલ પરમાર તથા શ્રીમતી માયાબેન ભરતભાઇ વાઢેર દ્વારા છાત્રાલયમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને નોટબુક તથા પેનસેટની ભેટ આપવામાં આવેલ હતી. સંસ્થાના સુદઢ અને વ્યવસ્થાસભર સંચાલનને વધુ ઉપયોગી બનાવવાની સાથે સ્થાપનાના ૩૦ વર્ષ પૂરા થતાં મોતી મહોત્સવ ઉજવવાનો નિર્ણય લેવાયો હતો. અન્ય દાતાશ્રીઓ તરફથી પણ દાનની જાહેરાત કરવામાં આવી હતી. સંચાલન અને આભારવિધી છાત્રાલયના મંત્રી રમેશચંદ્ર આર. ચૌહાણે કરેલ હતી.

## શ્રી બ્રહ્માણી માતાજી - નાગોર

નાગોર ગામના ચૌહાણ નુખના કુળદેવી શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજીના સાનિધ્યમાં નવરાત્રી મહોત્સવ સંવત ૨૦૮૦ના આસો સુદ-૧, શુક્રવાર, તા. ૩-૧૦-૨૦૨૪ થી **આસો સુદ-૯, તા. ૧૨-૧૦-૨૦૨૪ શનિવાર** દરમ્યાન ઉજવવામાં આવશે તેમજ આસો સુદ-૮ શુક્રવાર, તા. ૧૧-૧૦-૨૦૨૪ના રોજ સવારે ૭.૦૦ કલાક થી ૧૦.૩૦ કલાક દરમ્યાન હવન તથા સમુહ પ્રસાદનું આયોજન કરેલ છે. જેમાં સર્વે ગોઠી ભાઇઓને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે. **સમુહ પ્રસાદના દાતા શ્રીમતી મીનાબેન શાંતિલાલભાઇ ચૌહાણ – ભુજ, શ્રીમતી હર્ષિતાબેન ચંદ્રેશભાઇ ચૌહાણ – ભુજ.**

વેબસાઇટ : nagorschauhan.weebly.com

પ્રસારણ નિહાળો : યુ-ટ્યુબ ઉપર Chauhan Parivar Nagor

મંત્રી - નવિન અમરસીભાઇ ચૌહાણ ૯૬૩૮૨૨૨૧૦૦

## કમધજીયા રાઠોડ પરિવાર - નાગલપર

સર્વે પરિવારનાં ગોઠી ભાઇ-બહેનોને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આસો નવરાત્રીમાં માતાજીનાં સ્થાનકમાં આઠમના હવન તથા નોમના સમુહ નૈવેધનું આયોજન રાખેલ છે. તે મુજબ **તા. ૧૧-૧૦-૨૦૨૪, શુક્રવારે આસો સુદ આઠમના હવનાષ્ટમીના માતાજીનો હવન તેમજ સમુહ પ્રસાદ તથા તા. ૧૨-૧૦-૨૦૨૪, શનિવારે આસો સુદ નોમના સમુહ નૈવેધ તથા કાંબી છોડવાનું** અયોજન તેમજ સમુહ પ્રસાદ રાખવામાં આવેલ છે. તો આ બંને દિવસે ગામ તથા પરગામ વસતા સૌ ગોઠીભાઇઓને આ મહાપ્રસાદ લેવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે તેમજ જે ગોઠી ભાઇઓને આઠમનાં રોજ હવનમાં બેસવાની ઇચ્છા હોય તેઓ વહેલી તકે નીચે આપેલ નંબર પર જાણ કરશો.

પંકજભાઇ પ્રાગજીભાઇ - ૯૮૨૫૨૯૩૧૧૪

નરભેરામ ખીમજીભાઇ - ૮૧૪૧૨૩૨૬૩૭

પંકજ શીવલાલભાઇ - ૯૮૨૫૬૪૪૪૯૬

## અનંતની યાત્રાએ...

દુર્ગ (સિનુગ્રા) નિવાસી શ્રી હરિલાલભાઇ ભાણજીભાઇ વાઢેર (ઉ.વ.૮૨)નું તા. ૧૭-૦૭-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (કુંભારીયા) નિવાસી રજનીબેન જાદવજીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૫)નું તા. ૨૪-૦૭-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (ખંભરા) નિવાસી ગં.સ્વ. રંભાબેન કાનજીભાઇ ટાંક (ઉ.વ.૮૪)નું તા. ૦૩-૦૮-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

## શ્રી ચામુંડા માતાજી (પાટણીયા ટાંક) - સિનુગ્રા

સર્વે પરિવારનાં ગોઠી ભાઇ-બહેનોને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ **આસો નવરાત્રીમાં માતાજીનાં સ્થાનકમાં આઠમ (હવનાષ્ટમ)ના હવન તા. ૧૧-૧૦-૨૦૨૪, શુક્રવારે માતાજીનો હવન, નૈવેધ તથા સમુહ પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.** જે ગોઠીભાઇઓને હવનમાં બેસવાની ઇચ્છા હોય તેમણે વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવી આપવાના રહેશે. હવનમાં બેસવા માટે કોઇ શુલ્ક આપવાનું નથી. સ્વેચ્છાએ જેને આપવું હોય તે આપી શકે છે. જે ગોઠી ભાઇઓને માતાજીના સ્થાનકમાં ફાળો નોંધાવવાની ઇચ્છા હોય તેઓ ઓનલાઇન જમા કરાવી શકે છે.

Bank : Bank of Baroda

A/c. Name : DEVRAM/HARISH PARSOTAM TANK

A/C. NO. : 03740100044946

IFSC Code : BARB0ANJARX

## સમાજ ગૌરવ



૭૮માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે લાલ કિલ્લા, દિલ્હી ખાતે ભારતના દરેક રાજ્યોમાંથી ઉત્કૃષ્ટ કામગીરી કરેલ એક ફિમેલ હેલ્થ વર્કરને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા તે પૈકી ગુજરાત તરફથી આપણા કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના રતનાલ આયુષમાન આરોગ્ય મંદિર ખાતે ફરજ બજાવતા અંજાર (કુંભારીયા) નિવાસી નીપાબેન ડી. રાઠોડની પસંદગી કરવામાં આવેલ તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન...




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

**Rathod Chambers**

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



vedbhumi

# VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
# VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda | Abhilasha A. Chawda**

**(Chandia)**




## Khodiyar Engineering Works
## Urja Engineering Company
## Perfect Power Systems
## Unique Power Systems

*(Electrical Contractors, Consultants & Engineers)*

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric · AVOCAB WIRES & CABLES · HPL The Power of Technology · connectwell THE RIGHT CONNECTION

Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com




With Best Compliments



**Vipin Rathod**
Managing Director

UNITRON
*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on September-2024
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.


॥ જય સીયારામ ॥



## ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
## SHREE RAM GROUP OF INDUSTRIES


# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

## દાન માટે અપિલ :-

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૬,૦૦૦/- નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.)
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખશાલી ભોજન દાતાશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.
**PAN NO. AABTS 4600 B**


**આપના વિનમ્ર**

‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક


માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.